## અમેરિકા સાથે થયેલ ટ્રેડ ડીલને લઈને કોંગી પ્રમુખ અમિત ચાવડાનું નિવેદન

# ડેરી, ટેકસટાઈલ ઉધોગ અને સહકારી માળખુ પડી ભાંગશે

**ટ્રેડ ડીલમાં અમેરિકા ભારત ઉપર દરેક મામલે જોહુકમી કરે તેમ છતાં પ્રધાનમંત્રી કેમ ચુપ છે ?**

**ખેડૂતો, પશુપાલકો અને નાના કૃષિલક્ષી વેપારીઓને પણ મોટો ફટકો પડશે**

**ભાજપ સરકાર ટ્રેડ ડીલની તમામ સાચી હકીકતો જનતા સમક્ષ કેમ મુકતી નથી**

**સરકાર કોઈપણ ભોગે ઔદ્યોગિક ખેતી લાવી ખેડૂતોને મજુર બનાવી દેશે : દેસાઈ**

અમદાવાદ, તા. ૧૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા કહ્યું કે, વર્તમાન કેન્દ્ર સરાકર જે નિર્ણય લઈ રહી છે તે લાંબા ગાળે દેશને નુકસાન થવાનું છે. કહેવાતી ૫૬ની છાતીવાળા વડાપ્રધાન દરેક રીતે અમેરીકા સામે સરેન્ડર થઈ ગયા હોય તેવી ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ટેરિફના નિર્ણય લઈ દેશની અર્થવ્યવસ્થાને નુકસાન થઈ રહ્યું છે. એવી તો શું મજબૂરી છે કે પ્રધાનમંત્રી એક પણ શબ્દ બોલતા નથી ? ટ્રેડ ડિલની હકીકતો, વિગતો, માહિતી કેન્દ્ર સરકાર કેમ જનતા સામે રજૂ કરતી નથી ? ગુજરાત સાથે અન્ય રાજયના કપાસ ઉત્પાદન કરતા ખેડુતોને મોટા પાયે નુકસાન થવાનું છે. બાંગ્લાદેશ અમેરીકમાં કપડા એકેસપોર્ટ કરે તો શુન્ય ટેરીફ જયારે ભારત કપડા એકેસપોર્ટ કરે તો ૧૮ ટકા ટેરીફ લાગે. લોકસભાના વિપક્ષના નેતા, જનનાયક રાહુલ ગાંધીએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો તો સરકારે જવાબ આપ્યો કે, ભારતે અમેરીકા પાસેથી કપાસની આયત કરશે. આ ટ્રેડ ડીલ ખેડુત, ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, કો–ઓપરેટિવ સ્ટ્રકચર, ડેરી અને પશુપાલકોને ખૂબ મોટું નુકસાન થવા જઈ રહ્યું છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે જનઆક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓ, લારી ગલ્લા, પાથરણાવાળા, આદિવાસીઓ, દલિતો, બક્ષીપંચ સમાજ, કામદારોના પ્રશ્નો સહિત સમગ્ર ગુજરાતના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધન કરતા કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાએ જણાવ્યું હતું કે, સરકારના પ્રવકતા અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી જવાબદારીથી ભાગી રહ્યા છે. ઓકટોબરમાં કમૌસમી વરસાદ પડયો તેને ૪ મહિના થઈ ગયા, પરંતુ દ્વારકા જિલ્લાના ૧૭૦૦થી વધુ ખેડુતોને હજી રાહત પેકેજની સહાય મળી નથી. સરકારે ૭ દિવસમાં ટેકાના ભાવના પૈસા મળી જશે તેવા વાયદા કર્યા હતા, પરંતુ હજી સુધી દ્વારકા જિલ્લાના ૫૦૦૦થી વધુ ખેડુતોને પૈસા મળ્યા નથી. ટેકાના ભાવે મગફળી ખરીદી તેના પણ પૈસા રાજયના ખેડુતોને નથી મળ્યા.

(૧) ગુજરાતમાં કેટલા ખેડુતોને રાહત પેકેજ આપવામાં આવ્યું ?, કેટલા રૂપિયા આપવામાં આવ્યા ?

(૨) અરજી કરી હોય તેવા કેટલા ખેડુતોને સહાય બાકી છે ?

(૩) ટેકાના ભાવે જે ખેડુતોએ મગફળી વેચી હોય અને ૭ દિવસથી વધારે સમય વીતી ગયો હોય એવા ગુજરાતમાં કેટલા ખેડુતો બાકી છે ? હજી સુધી નથી ચૂકવાણા તેનું કારણ જણાવો.

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરમાં આવી ગુજરાતના ખેડુતોની માફી માંગતા કારણો સાથે જવાબ આપવો જોઈએ.

પત્રકાર પરિષદને સંબોધન કરતા સેવાદળના અધ્યક્ષ લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, અમેરિકાની સરકાર ખેડુતોને ચોખામાં પ્રતિ હેકટરે ૨૩૯૦૦, કપાસમાં ૨૧૯૦૦, મગફળીમાં ૧૦૪૦૦, સોયાબીનમાં ૫૮૦૦, મકાઈમાં ૮૩૦૦ અને ઘંઉમાં ૭૪૦૦ની સબસીડી આપે છે. ભારત અને ગુજરાતના ખેડુત પરસેવાથી એમએસપીના ભાવના ઠેકાણા વગર ખેતી કરી રહ્યા છે. અમેરિકાના ઓર્ગેનાઈઝ, સબસિડાઈસ, કોર્પોરેટ ખેડૂતોના સામનો ગુજરાતના ખેડૂતો કેવી રીતે કરશે ? સરકાર કોઈપણ ભોગે ભારતના ખેડુતોને ખતમ કરી સરકાર ફરી ઔદ્યોગિક ખેતી લાવી માલિકમાંથી મજૂર બનાવી રહી છે.

## જેતપુર માર્ગ ઉપર દોડધામ મચી

# બગસરામાં ટ્રકની ડીઝલની ટેન્કમાં ગેસ વેલ્ડીંગ દરમિયાન થયો બલાસ્ટ

**૨ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

બગસરા શહેરના જેતપુર રોડ ઉપર મઢુલી પાનની પાસે આવેલ ચામુંડા ગેસ વેલ્ડીંગ નામની દુકાનમાં કામ કરતા હોય તે દરમિયાન અચાનક ડિઝલ ટેન્કમાં બ્લાસ્ટ થતા દોડધામ મચી હતી. આશરે સો મીટર જેવી ટાંકી ઉછળીને પડી હતી અને તેમના પતરા જુદા થઈ ચારે તરફ ફેલાઈ ગયા હતા.

દુકાનમાં ટ્રકની ડીઝલની ટેન્કમાં ગેસ વેલ્ડીંગ દરમ્યાન અકસ્માતે બ્લાસ્ટ થતાં બે લોકોએ ઈજાગ્રસ્ત થયા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બ્લાસ્ટ એટલો મોટા થયો કે આસપાસથી લોકો દોડી આવ્યા. ૧૦૮ મારફતે કૌશિકભાઈ ધીરૂભાઈ ડોડીયા રહે. બગસરા અને ધર્મેશ અરવિંદભાઈ પંડયા રહે. ભલગામ ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

પોલીસ અને ૧૦૮ ઘટના સ્થળે દોડીઆવ્યા. મોટી દુર્ઘટના ન સર્જાતા તંત્રએ હાશકારો લીધો હતો. એક વ્યકિતને આંખમાં ઈજા થતા વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું.

## અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીઓએ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યુ






અમરેલી, તા. ૧૪

અમરેલી મિશન રાજીપો પ્રોજેક્ટ અંતર્ગત કાર્યક્રમ આયોજન વડોદરા મુકામે થયેલ હતું. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સત્સંગ દિક્ષા ગ્રથનો મુખ્ય પાઠ કરી આ બાળકોને "Largest simulataneous hindu text recital" શ્રેણીમા ગિનીસ વર્લ્ડ રેકોડનો એવોડ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવની ઉપસ્થતીમા સન્માનીત કરવામાં આવ્યા હતા જેમાં વિદ્યાર્થી દ્વારા ૩૧૫ શ્લોક કંઠસ્થ કરવામાં આવ્યા હતા. જેમાં ૧) પંડ્યા આરોહી વિપુલભાઈ, ૨) ડોબરિયા ક્રિત વિપુલભાઈ ૩) પાણેરી ખુશી જીગ્નેશભાઈ, ૪) જાવિયા હીર દિનેશભાઈ, ૫) જાવિયા હર્ષિલ દિનેશભાઈ એ ભાગ લીધેલ હતો.

આ સિધ્ધી મેળવેલ બદલ અમરેલીના શિક્ષણવિદો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે. વિદ્યાર્થીઓની મહેનત અમે કુશળતા આ સિપ્રધી બદલ તમામ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક પ્રસંગ બની રહયો છે. સંસ્થામા શિક્ષણ સાથે ધાર્મિકતા અને સંસ્કારના પાઠ શીખવવામા આવે છે. તેમજ શ્રીમદ ભગવત ગીતાના શ્લોક કંઠસ્થ કરાવવામાં આવે છે. સાથે–સાથે વિદ્યાર્થીઓના સવાર્ગી વિકાસ માટે યજ્ઞશાળા જેવી સહઅભ્યાસિક પ્રવુતિઓનું આયોજન પણ કરવામાં આવે છે આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ વિદ્યાર્થીઓ તેમના માતા–પિતા અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

વિદ્યાર્થીઓ આ તકે જણાવ્યુ હતુ કે અમે અને અમારા પરિવાર ખુબ જ ખુશ છીએ. અમને શાળાનાં શિક્ષણ સાથે–સાથ ધાર્મિકતા, સંસ્કાર અને શિસ્તનાપાઠ પણ શીખવવામાં આવે છે. આ સંસ્કારો અને પ્રેરણાના કારણે જ આજે અમે આ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકયા છીએ. આ સફળતા માટે અમે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા તેમજ સંમગ્ર મેનેજમેન્ટનો હદયપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ.

## રાજુ કરપડાએ ''આપ'' છોડતાં રાજકીય ગરમાવો

# ''આમ આદમી પાર્ટી''માં આગામી દિવસોમાં નવા જુનીનાં એંધાણ : પ્રતાપ દુધાત

**નિવેદનબાજી કરવી અને વિપક્ષમાં ટકી રહેવુ મુશ્કેલ**

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે આમ આદમી પાર્ટીને લઈને નિવેદન આપતા જિલ્લામાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે હાલની રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપને નિશાન બનાવ્યુ હતું.

તેઓએ જણાવ્યું હતું કે વિસાવદરના ચૂંટણી સમયમાં રાજુભાઈ કરપડાએ મોટા મોટા નિવેદનો આપ્યા હતા. પરંતુ હાલની પરિસ્થિતિએ તેમની રાજકીય સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે તેમણે આગળ જણાવ્યુ કે વર્તમાન



રાજકીય પરિસ્થિતિ જોતા આવનારા સમયમાં ઈશુદાનભાઈને પણ સમાન રાજકીય પડકારોનો સામનો કરવો પડી શકે છે.

વધુમાં કહ્યું કે, આમ આદમી પાર્ટીના આંતરિક પરિસ્થિતિ અને નેતૃત્વને લઈને લોકોમાં સવાલો ઉભા થઈ રહ્યા છે. તેમણે ગોપાલભાઈ ઈટાલીયા અંગે પણ નિવેદન આપતા કહ્યું કે પાર્ટી અંદર અસંતોષ વધતો જોવા મળી રહ્યો છે અને રાજકીય દિશા અંગે સ્પષ્ટતા જરૂરી છે.

તેમણે જનતાને અપીલ કરી કે રાજકીય નિવેદનો અને વાસ્તવિક પરિસ્થિતિ વચ્ચેનો તફાવત સમજવો જોઈએ. અંતમાં જણાવ્યું કે આગામી સમયમાં રાજયની રાજનીતિમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે અને મતદારો વિકાસ અને સ્થિરતાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ.

## ભાવનગર જેલમાંથી વચગાળાનાં જામીન પર દોઢ વર્ષથી ફરાર થયેલ

# ધારીનાં દીતલા ગામનાં વતની અને હત્યા કેસનાં કાચા કામનાં કેદીને પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી લીધો

**સુરત વિસ્તારમાંથી કાચા કામનાં કેદીની અટકાયત**

અમરેલી, તા. ૧૪

ધારીનાં દીતલા ગામનાં વતની અને સુરત વિસ્તારમાં રહેતા મુકેશભાઈ અરજણભાઈ પરમાર વિરૂધ્ધ ગારિયાધાર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ છે અને તેઓ તે ગુન્હાનાં કામે ભાવનગર જિલ્લા જેલમાં કાચા કામનાં કેદી તરીકે સજા ભોગવતો હોય. તેઓએ ગુજરાત હાઈકોર્ટમાંથી



વચગાળાનાં જામીન રજા મેળવી નિયત સમયે જેલમાં હાજર ન થઈ દોઢ વર્ષથી ફરાર હતા.

આ અંગે અમરેલી પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શન તળે પેરોલ ફર્લો સ્કવોર્ડનાં પીએસઆઈ એન.જી. સાપરા અને તેમની ટીમે કાચા કામનાં કેદીને સુરત વિસ્તારમાંથી ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# જાફરાબાદ : સાગરખેડૂત ૧૨ જયોતિલિંગ યાત્રા પુર્ણ કરી પરત ફરતાં સ્વાગત



જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ બંદરમાં હાલમાં મચ્છીમારી સિઝન બે મહિના સુધી વેકેશન હોય અંદાજે પાંચ મહિના સુધી દરિયો ખેડી માહા મહીના સુધી એટલે કે બે મહિના સુધીની મચ્છીમારી સિઝન બંધ હોય તે સમયે ખારવા સમાજના લોકો દ્વારા પોતાના પરિવારમાં વિવિધ સામાજીક કાર્યકર તેમજ દેવદર્શન માટે વિવિધ આયોજનો કરવામાં આવતા હોય છે. તેવામાં પગપાળા યાત્રા સાયકલ દ્વારા ગુજરાતની વિવિધ યાત્રાઓ તેમજ બસો બાંધી મહીના દિવસની બાર જયોતિર્લિંગની યાત્રાએ નીકળેલા મિત્રોનું આજરોજ જાફરાબાદ બંદરની જેટી બાજુમાં આવેલ હનુમાનજી મંદિરે બસ આવતા ભકિતમય વાતાવરણ સર્જાયું હતું બાર જયોતિર્લિંગ યાત્રાએ ગયેલા સાગરખેડૂના પરિવાર મીત્રો દ્વારા ફુલ હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

તુફાની દરિયો ખેડતા સાગરખેડૂ દ્વારા વિવિધ યાત્રાઓ કરી પોતાના પરિવારમાં વિવિધ સામાજીક કાર્યો અને આગામી દિવસોમાં આવતા તહેવારોની આસ્થાભેર ઉજવણી કરી ફરી દરિયો ખેડવા માટે તૈયારી કરવામાં આવશે.

## આડેધડ થતાં નિર્માણ કાર્યને લઈને વ્યાપક નારાજગી

# અમરાપુર ગામે કાચા ડાયવર્ઝનમાં ટ્રક ફસાતા ગ્રામજનો પરેશાન થયા

**નાના–મોટા વાહનો ગામમાંથી પસાર થવા મજબુર**



કુંકાવાવ, તા. ૧૪

કુંકાવાવ પાસેના અમરાપુર ધાણાની ગામે બસ સ્ટેન્ડ પાસે પુલ બનાવવાનું કામ ચાલુ હોય જેના કારણે ડાયવર્ઝન કાઢવામાં આવ્યુ છે ને કામ કાચુ હોય જેની આ ડાયવર્ઝનમાં અવરજવર ભારે વાહનો ફસાઈ જતા હોય જેના કારણે વાહનચાલકો તેમજ ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આજે સવારના એક ટ્રક આ ડ્રાઈવર્ઝનમાં ફસાતા પાચ કલાક સુધી વાહનો આમતેમ ગામામાં ફરીને રસ્તા ગોતીને બહાર નીકળ્યા હતા. જેના કારણે રોડ પર અને ગામમાં ટ્રાફિકજામ થયો હતો. આ બાબતે ગામના આગેવાનોએ સ્ટેટ વિજાણના અધિકારીએ ધ્યાન દોરી ડ્રાઈવઝનનું કામ કાચુ હોય જેથી આવા બનાવો વારંવાર બને છે યોગ્ય રીતે ડ્રાઈવઝનનુ કામ નહી થયાનુ જણાવ્યુ હતું. આમ આજે ગામની તમામ બજારમાં વાહનોની અવરજવર થતા ગ્રામજનો પણ ભારે મુશ્કેલીને સામનો કર્યો હતો. જયારે એસ.ટી. બસોના ટાઈમટેબલ ખોરવાયા હતા.

## જાગૃત નાગરિકે પાલિકામાં રજુઆત કરી

# સાવરકુંડલાનાં આઝાદ ચોકમાં અકસ્માત થતાં અટકાવવા સ્પીડ બ્રેકર લગાવવા માંગ

**સ્પીડ બ્રેકર ન બનાવવામાં આવે તો આંદોલનની ચીમકી**

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા પાલિકાના વોર્ડ નંબર ૭ માં આવેલા આઝાદ ચોક વિસ્તારમાં હાલ અકસ્માતનો ગંભીર ભય સેવાઈ રહ્યો છે. આ ચોક એક મુખ્ય જંકશન હોવા છતાં તંત્ર ધ્વારા સુરક્ષાના વિકલ્પના અભાવે સ્થાનિક રહીશો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા છે.

આઝાદ ચોક એવો વિસ્તાર છે જયાં પાંચ મુખ્ય રસ્તાઓ એકસાથે મળે છે. અહીં શાળા (સ્કૂલ) અને જમાતખાનું જેવા જાહેર તેમજ ધાર્મિક સ્થળો આવેલા હોવાથી નાના બાળકો, વિદ્યાર્થીઓ અને વડીલોની દિવસ–રાત સતત અવરજવર રહે છે. પાંચ રસ્તાઓ ભેગા થતા હોવાથી વાહનચાલકો ઘણીવાર અસમંજસમાં રહે છે, જેને કારણે અહીં અવારનવાર નાના–મોટા અકસ્માતો સર્જાતા રહે છે.

સ્થાનિક જાગૃત નાગરિક ધ્વારા આ ગંભીર સમસ્યા અંગે નગરપાલિકા કચેરીમાં અનેકવાર મૌખિક તેમજ ટેલિફોનિક રજૂઆતો કરવામાં આવી છે. એટલું જ નહીં, આ બાબતે વ્યક્તિગત રીતે નગરપાલિકા પ્રમુખ તેમજ ધારાસભ્યને પણ ટેલિફોનિક જાણ કરી તાત્કાલિક સ્પીડ બ્રેકર (બમ્પ) બનાવવાની માંગણી કરી છે. આમ છતાં, સત્તાધીશો ધ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

તંત્રની આ ઘોર ઉદાસીનતા સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જાગૃત નાગરિક સોહીલ શેખે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે આઝાદ ચોકના પાંચેય માર્ગો પર વૈજ્ઞાનિક ઢબે સ્પીડ બ્રેકર મૂકવામાં નહીં આવે, તો આગામી સમયમાં રહીશોને સાથે રાખીને પાલિકા તંત્ર સામે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## આ મેરી ઝોહરા જબી તુજે માલૂમ નહી, તું અભિ તક હૈ હસી ઓર મે
## કૌન આયા કે નિગાહો મે ચમક જાગ ઉઠી, દિલ કે સોયે હુએ કોને મે
## દિન હૈ બહાર કે તેરે મેરે ઇંતજાર કે, દિલ કે સહારે આજા પ્યાર કરે

**ફિલ્મી સફર (એક ઈતિહાસ)**
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ .. ૨૭૨, – ૧૯૬૫**


**પ્રિય વાચક મિત્રો,**

આજે ભગવાન શિવ જીના પૂજન અને ધ્યાનનો પવિત્ર તહેવાર શ્રી મહા શિવરાત્રિ છે, તમામ વાચક મિત્રોને શ્રી મહા શિવરાત્રિની શુભ કામનાઓ. સાથે આ સપ્તાહમાં પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, તેની પણ તમામ વાચક મિત્રોને શુભ કામનાઓ. ગત અંક થી ૧૯૬૫ની પ્રથમ નંબરની મલ્ટી સ્ટાર ફિલ્મ વક્તની વાત કરી રહ્યા છીએ. આજે વક્ત ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ અને શશિ કપૂરની હોલીવુડ ફિલ્મની વાત સાથે ૧૯૬૫ની ફિલ્મોની વાત પૂર્ણ કરીશું. યશ ચોપરાના નિર્દેશન અને બી. આર. ચોપરાના નિર્માણ, માં, અખ્તર મિર્ઝાની કહાની, ધરમ ચોપરાની સિનેમા ઓટો ગ્રાફી, પ્રાણ મહરાની અડિટિંગ, સાહિર લૂધ્યાનવીની કલમના ગીતો, રવિના સંગીત સાથે ફિલ્મમાં બલરાજ સાહની, રાજ કુમાર, સુનિલ દત, શશિ કપૂર, અચલા સચદેવ, સાધના, શર્મિલા ટાગોર, શશિકલા, મદન પૂરી, મનમોહન કૃષ્ણા, લીલા ચિટનીસ, જીવન, જગદીશ રાજ, હરિ શિવદાસની, સુરેન્દ્ર, સુમતિ, મોતીલાલ અને રેહમાને અભિનય આપ્યો હતો. લાલા બલરાજ ગરીબથી અમીર બન્યો છે, તેની પત્ની અચલા અને ત્રણ બાળકો જે એક જ તારીખે જન્મ્યા છે, તેની સાથે નવી દુકાન અને ઘરની શરૂઆત કરે છે, તે ભાગ્યમાં માનતો નથી, પણ અભિમાનથી કહે છે કે તે જ આ બધુ કરી શકે છે, અને કુદરત ધરતી કંપમાં તેના પરિવારથી તેને વિખૂટો પાડી દે છે. બલરાજ એક હત્યામાં જેલમાં




જાય છે, મોટો પુત્ર રાજ એક ચોર, વચલો પુત્ર સુનિલ એક વકીલ અને નાનો પુત્ર શશિ તેની માતા જે સમજે છે કે બલરાજ જીવિત નથી તેની સાથે ડ્રાઈવર બની જાય છે. સમય સાથે બધા એકબીજાને મળે છે, પણ ઓળખી શકતા નથી, રાજને ખબર પડે છે કે, સુનિલ તેનો ભાઈ છે, પણ તે ચોર હોવા થી સત્ય છુપાવે છે. રાજ એક હત્યામાં ફસાઈ જાય છે, અને તેના ભાઈ સુનિલની પ્રગતિ માટે તેને વકીલ રાખે છે. અંતે સુનિલ રાજને નિર્દોષ સાબિત કરે છે, અને કોર્ટમાં કુદરત પણ આ વિખૂટા પડેલ પરિવારને મેળવી દે છે. ઈશ્વરે મનુષ્યને જે સુખ આપ્યું છે તે તેની લાયકાત કરતાં હમેશા વધુ જ હોય છે. તે આ ફિલ્મનો સંદેશ છે. આ ફિલ્મમાં ઈમોસન, એકશન, રોમાન્સ, સંવાદો, ક્રાઈમ, કોર્ટ ડ્રામા, પ્રણય ત્રિકોણ, સહિત ઘણી બાબતો સમાવેલ છે, જે આ ફિલ્મને સફળતા તરફ અને હિન્દી સિનેમામાં આવી કહાનીના પાયાની ફિલ્મ તરફ લઈ જાય છે. આ ફિલ્મનું ગીત એ મેરી ઝોહરા જબી. આજે પણ ૫૦ કે ૬૦ વર્ષના કપલ તેમના સંતાનોના લગ્ન પ્રસંગ કે કોઈ લગ્ન વર્ષ ગાઠના દિવસે ગાતા જોવા મળે છે.શશિ કપૂરની બે ફિલ્મો ૧૯૬૫માં બે સફળ ફિલ્મો સિવાય આવી હતી. જેમાં એક હોલીવુડ અને બાલીવુડ બન્નેમાં બની હતી. ફિલ્મનું નામ છે. શેકસ પિયર વલ્લાહ. જેમ્સ હોરનીના નિર્દેશનમાં, અને ઈસ્માઈલ મર્ચન્ટના નિર્માણમાં આ ફિલ્મ માં, શશિ કપૂર, ફેલિકીટી કેંડલ, જિયોફીકેંડલ, મધુર જાફરી (સૈયદ જાફરીના પત્ની ), પિંચુ કપૂર, ઉત્પલ દત, લેરા, જેનિફર કેંડલ કામ કર્યુ હતું. આ ફિલ્મમાં સેન્સર એ સર્ટિ આપ્યું હતું. બીજી ફિલ્મ શશિકપૂર અને નંદા સાથેની મુહબ્બત ઈસ કો કહતે હૈ હતી જે સફળના રહી.

૧૯૬૫ના ફિલ્મ ફેર એવાર્ડ ૧૯૬૬માં મુંબઈમાં અપાયા. જે મુજબ બેસ્ટ ફિલ્મ – હિમાલય કી ગોદ મે. હરીફાઈ માં હકીકત, વક્ત. બેસ્ટ નિર્દેશક – યશ ચોપરા ફિલ્મ વક્ત. હરીફાઈમાં ચેતન આનંદ ફિલ્મ હકીકત. રામાનંદ સાગર ફિલ્મ આરઝું. બેસ્ટ એકટર – સુનિલ દત, ફિલ્મ ખાનદાન. હરીફાઈમાં રાજ કુમાર ફિલ્મ કાજલ, રાજેન્દ્ર કુમાર, ફિલ્મ આરઝું. બેસ્ટ એકટ્રેસ – મીના કુમારી ફિલ્મ કાજલ. હરીફાઈમાં માલા સિંહા ફિલ્મ હિમાલય કી ગોદ મે, સાધના ફિલ્મ વક્ત. બેસ્ટ સુપોર્ટિંગ એકટર – રાજકુમાર. ફિલ્મ વક્ત. બેસ્ટ સુપોર્ટિંગ એકટ્રેસ – પદ્મિની. ફિલ્મ કાજલ. બેસ્ટ સંગીત કાર, રવિ ફિલ્મ ખાનદાન. હરીફાઈમાં કલ્યાણજી આનંદજી ફિલ્મ હિમાલય કી ગોદ મે, શંકર જયકિશન ફિલ્મ આરઝું. બેસ્ટ કવિ ( લિરિકસ ) – રાજેન્દ્ર કૃષ્ણા. ગીત–તુમ્હી મેરે મંદિર. ફિલ્મ ખાનદાન. બેસ્ટ ગાયક મેલ – રફી સાહેબ – ગીત છુ લેને દો નાજુક.. ફિલ્મ કાજલ. બેસ્ટ ગાયિકા – લતાજી. ફિલ્મ ખાનદાન ગીત તુમ્હી મેરે મંદિર. બેસ્ટ સ્ટોરી – અખતર મિર્ઝા ફિલ્મ વક્ત. બેસ્ટ સંવાદ – અખ્તર ઉલ રેહમાન – ફિલ્મ વક્ત, મુખ્ય હતા. આ સાથે ૧૯૬૫ની ફિલ્મી સફર અહી પૂર્ણ થાય છે.૧૯૬૫માં બે હિન્દી સિનેમામાં ના દિગ્ગજ કલાકારોએ દુનિયાથી વિદાય લીધી. જેને અહી સંક્ષેપમાં શ્રદ્ધાંજલી અર્પણ કરીયે.**ગીતા બાલી** – હરિ કીર્તન કેર એટલે ગીતા બાલીનો જન્મ ૧૫/૧૧/૧૯૩૦માં અમૃતસરમાં થયો હતો. ૧૯૪૨ માં તેમણે બાલ કલાકારરૂપે હિન્દી સિનેમામાં કામ કર્યુ હતું. જેમાં કોબલર, સુહાગરાત મુખ્ય ફિલ્મો હતી. ૧૯૫૦માં તેઓ મુખ્ય અભિનેત્રીરૂપે બહાર આવ્યા. ફિલ્મ બાવરે નૈન, અલબેલા, બાઝી, જાલ, આનંદ મઠ, વચન, મિલાપ, ફરાર, જેલર, મી. ઈન્ડિયા તેમની ઉલેખનીય ફિલ્મો ગણી શકાય. ૧૯૫૫માં તેઓ શમ્મી કપૂરના સંપર્કમાં આવ્યા અને તેઓએ સાથે મિસ કોકા કોલાં, રંગીન




રાતે, કોફી હાઉસ જેવી ફિલ્મો કરી, અને પ્રેમના બંધનમાં બંધાયા બાદ, શમ્મીએ તેમની સાથે ૧૯૫૫માં જ લગ્ન કર્યા. ગીતા પૃથ્વી રાજ અને રાજ સાથે અભિનેત્રીરૂપે કામ કરી ચૂકી હતી. જેથી તેમના લગ્નનો વિરોધ પણ થયો. ગીતાએ લગ્ન બાદકપૂર પરિવારની પ્રણાલી સાથેના જોડાઈ ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. તેઓને બે સંતાન આદિત્ય રાજ અને કંચન પ્રાપ્ત થયા હતા. ૧૯૬૪માં તેમને એક ફિલ્મના શૂટિંગ દરમ્યાન અછબડાની બીમારી થઈ જે તેમનો જીવ ૧૯૬૫માં માત્ર ૩૪ વર્ષની વયે લઈ ગઈ. તેઓ ૨૧–૧–૬૫ના રોજ અમર થયા. **મોતીલાલ** – મોતીલાલ રાજવંશનો જન્મ ૪–૧૨–૧૯૧૦ ના રોજ શિમલામાં થયો હતો. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ મોતીલાલ ૧૯૩૪માં શહેર કે 'જાદુ ફિલ્મ' દ્વારા હિન્દી સિનેમામાં આવ્યા હતા. મોતીલાલને દિલિપકુમાર સાથેની ફિલ્મ દેવ દાસના ચુનની લાલથી વધુ ઓળખ મળી હતી. તેઓએ લગ્ન કર્યાના હતા. અભિનેત્રી શોભના સમર્થ તેના પતિથી અલગ થયા બાદ મોતીલાલ સાથે રેહતા હતા. મોતીલાલે હમારી બેટી ફિલ્મમાં શોભનાની પુત્રી નુતનના પિતાની ભૂમિકા નિભાવી હતી, ત્યારે નુતન બાળક હતા. યુવાન નુતનના પિતાની ભૂમિકા પણ તેઓએ ફિલ્મ અનાડીમાં નિભાવી હતી. શોભના ઉપરાંત તેમના સંબંધો નાદિરા સાથે પણ ઉલેખનીય રહ્યા હતા. તેઓ ઘોડ દોડના જુગારના શોખીન હતા. તેઓ તેમના જીવનમાં અંતિમ સમય સુધી ફિલ્મોમાં કાર્ય રત રહ્યા હતા. ૧૯૬૫ની ફિલ્મ વક્તમાં તેઓએ વકીલની ભૂમિકા નિભાવી હતી. તો છોટીછોટી બાતે સફળ રહી ના હતી. તેઓએ તેમના નિર્માણમાં ફિલ્મ બનાવી જે ૧૯૬૬માં તેમના નિધન બાદ પ્રદર્શિત થઈ હતી. જેનું નામ છે યે ઝીંદગી કિતની હસીન હૈ. આ ફિલ્મના નિર્માણ અને ઘોડ દોડના જુગારના લીધે તેઓ આર્થિક તંગીમાં હતા. અને તેમને હૃદય રોગનો હુમલો ત્રીજીવાર આવ્યો જે જીવલેણ સાબિત થયો અને ૧૭–૬–૧૯૬૫ના રોજ તેઓ અમર થયા.હવે આપણે ૧૯૬૬ના ફિલ્મી સફરમાં પ્રવેશી ચૂકયા છીએ.૧૯૬૬ માં હિન્દી સિનેમામાં એક પરીવર્તન આવશે. એક એવા કલાકાર આવી રહ્યા છે, જે હિન્દી સિનેમાના પ્રથમ સુપર સ્ટાર સાબિત થયા. જી હા. રાજેશ ખન્ના. હિન્દી સિનેમાની દાદા સાહેબની સાથે શરૂઆત થઈ બોલતી ફિલ્મો બાદ૧૯૪૦ ના દસકમાં અશોક કુમાર સર્વાધિક લોકપ્રિય કલાકાર બન્યા. અશોક કુમારે હિન્દી સિનેમામાં અલગ અલગ બદલાવ આપ્યા. દિલિપ કુમારથી લઈ આજ પણ કોઈપણ કલાકારના અભિનયમાં દાદા મુનિ એટલે કે અશોક કુમારના અભિનયની છાંટ જરૂર જોવા મળશે. તેમની સાથે જે કલાકારો આવ્યા, સફળ પણ રહ્યા, ૧૯૫૦ના દ્સકમાં દેવ, દિલિપ અને રાજનું એકચક્રી શાસન રહ્યું. ૧૯૬૦ ના દસકમાં શમ્મી કપૂર, રાજેન્દ્ર કુમાર, જોય મુખર્જી, દેવ, દિલિપ, રાજ, બિશ્વજિત, સુનિલ દત, રાજ કુમાર, મનોજ કુમાર, જેવા કલાકારોએ સફળતા પ્રાપ્ત કરી. પણ ૧૯૬૯ થી ૧૯૭૪ સુધી એક માત્ર અભિનેતા જેણે હિન્દી સિનેમા માં રાજ કર્યુ. તે રાજેશ ખન્ના સાથે આગામી અંકમાં મળીશું. આ ઉપરાંત ૧૯૬૬માં બબીતા પણ આવી ગયા છે. આભાર.

## ''હવે ખરી જિંદગીની શોધમાં...''

### સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

ખરી જિંદગી કોને કહેવાય ? એવું તમે તમારી જાતને પૂછશો તો જવાબ મળશે. સફળતા સારા સંબંધોમાં મીઠાશ રોગ રહિત જિંદગી સરસ મકાન વગેરે... વગેરે... એક વાર્તા છે. અકબરે બીરબલને આવો પ્રશ્ન પુછયો. સાચું સુખ શું છે ? શે માં રહેલું છે ? બિરબલે એક જ ક્ષણમાં જવાબ આપ્યો. તંદુરસ્ત શરીર...! અકબરે કહે એ કેવી રીતે ? બીરબલ કહે તમારા લગ્ન થતા હોય તમને સખત તાવ આવ્યો હોય અને ઉલટીઓ થતી હોય તો એ દિવસ સુખનો ગણાય ? કરોડો રૂપિયા તમરી પાસે હોય... સાત માળનું મકાન હોય, પણ તમારી સાથે કોઈના પણ સાચા સારા સંબંધો ન હોય તો ? ડોકટરે તમને હાર એટેક માટે ટીકડીઓ આપી હોય ફુલ St ડાયાબીટીઝ હોય બ્લડપ્રેસર વધ ઘટ થતું હોય તો અને ગમે ત્યારે બીજો એટેક રિપીટ થવાનો ભય હોય તો જમીન, મકાન, બેંક બેલેન્સ શું કામનું ?આથી જ કહેવત પડી છે : પહેલું સુખ જાતે નર્યા, (નરવા) તંદુરસ્તી હોવી એ મોરો લાભ છે. શાસ્ત્રો પણ કહે છે. 'આરોગ્ય પુરમો લાભ' આપણે ખરી જિંદગીની શોધ માટે તબિયત સારી રહે તે માટેના ઉપાયો વિચારવાના છે. તંદુરસ્ત શરીરએ ઈશ્વરની ભેટ છે. અને જો માંદગી કે અસાહય રોગ કે અન્ય કંઈ શરીરમાં આવે તો આજનું વિજ્ઞાન કરતા એક પ્રાર્થના, શ્રધ્ધા, પ્રેમ, ક્ષમા, ઉત્કૃષ્ટ મનોબળ, જિંદગીની અનેક સમસ્યાઓથી પીડાતા માટે આશાનું એક કિરણ માટે ધીરજથી પ્રતિક્ષા કરવાની છે. જીવન જયાં હોય ત્યાં જેવું હોય તેવું ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. તે સ્વીકારી તેમને સાચવવાનું છે ....! જે લોકો નિરાશ છે જિંદગીને બોજ સમજે છે. રેલના પાટા તરફ દોડે છે. તેવા લોકો માટે આ લેખ કોઈ એક બેટરી – કે પ્રકાશનો માર્ગ છે. લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે.એક અંધારી રાતે એક મુસાફર ઘરેથી બહાર જવા ફાનસ લઈને નિકળ્યો.. દરવાજો ખોલી બહાર જોયું તો દુર દુર સુધી ગાઢ અંધાર.. ઉભો રહ્યો, બે ડગલા બહાર ચાલી ફરી ઉભો રહ્યો...! એક સંત પુછયું. તારા હાથમાં ફાનસ છે. પછી શા માટે અંધકારથી ડેર છે ? મુસાફર કહે સામે જુઓ કહો જ અજવાસ બે ફુટના પ્રકાશની જરૂર છે. ફાનસ તારા હાથમાં છે. જેટલો તુ પોતાની હિંમત, આપણી પોતાની આતંરશકિતની તાકાત, જુસ્સો, ઉત્સાહ... આગળ માત્ર કરવાનો તરવરાટ... દિલમાં જે જયોત ઝળહળ છે. તેને જાળવી રાખવા... મિત્રો શોધો.. સંબંધો બનાવો.... પુસ્તકો તમારા એવા મિત્રો છે જે કયારેય દગો દેતા નથી....! ખુબ વાંચો... વિચારો...

ઘટના પરિસ્થિતિ, માંદગી, સંબંધો, વગેરે અનેક કારણોને લીધે ચિંતા થાય છે. દા.ત. આપણે મોપેડ ચલાવતા હોઈએ બ્રેક આપણા રહીએ તો ગાડીને નુકશાન થાય છે. બ્રેક મગજમાંથી મગજના વિચારોને કરોડરજ્જુ સુધી પહોંચાડે છે. ગતિ આપે છે. તે પેટ્રોલ સિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ જેવું કાર્ય કરે છે. સ્ટ્રેસ આપવાની રીત તમારી પાસે છે. દાડીયાળમાં જોઈ તમારા હાર્ટ રેટ માપો. સામાન્ય રીતે ૬૮ થી ૭૨–૭૫ દરમિનિટે સામાન્ય ગણાય. ખરેખર તો આપણા શરીરમાં ૯૯% એથી વધુ ૯૯.૯ ટન ક્રિયાઓ આ ઓટોમેટીક નર્વસ સિસ્ટમના નિયંત્રણ હેઠળ જ થાય છે. આપણા મગજમાં દર સેંકન્ડે (૫ ટ્રિલિયન) અસંખ્ય માહિતી. વિચારનો ઘસારો થાય છે. આપણે માત્ર થોડા જ તરંગો તરફ વિચારો તરફ સજાગ હોઈએ છીએ. આપણે ભોજન લીધા પછી નથી વિચારતા કે ખોરાક કયાં પહોંચયો ? શું શું થયું. કયા વિટામીન, ગ્લુકોંગ પચ્યા. જે ખોરાક લીધો છે. તેને યોગ્ય રીતે શરીરમાં પાંચન થાય છે. કીડની, લીવર, આંતરડાઓ પોત પોતાની મેળે કાર્ય કરે છે. આ અદ્ભુત વ્યવસ્થા વિશે આપણે ચિંતા કરતા નથી.જયારે તમે ચિંતામાં કે ભય, ગુસ્સામાં હો ત્યારે લોહીનું પરિભ્રમણ બદલાય જાય છે. લોહીનો પુરતો જથ્થો ખોરાકને પચાવવા માટે જતો નથી. કારણ કે લોહી મગજ તરફ વળે છે. સ્ટ્રેસ સ્થિતિ હેઠળ હોય ત્યારે ત્યારે, ઓકસીજન નથી મેળવતા ન ઝેરી કચરો દુર નથી કરતા જીવવા માટે જરૂરી હોય એના સિવાયની તમામ બાબતો અટકી જાય છે. આ ખુબ મોટી વાત છે. ચિંતાની સ્થિતિ લાંબા ગાના સુધી રહે તો રોગનાં લક્ષણ તરીકે દેખાવા લાગે છે. મોટા ભાગની બીમારી એટલે સ્ટ્રેસના દબાણ હેઠળ – રોગને આમંત્રણ, હવે તમે તમારી મેળે સ્ટ્રેશ ઓછી કરવા પ્રયત્ન કરી શકો. આપણા શાસ્ત્રેમાં આવી ઘટના પ્રયોગો બતાવ્યા છે. તમે સવારે પુજા કરવા મંદીરમાં ઘરમાં કે બહાર શાંતિથી બેસો. ''આ નો ભદ્રાક્તનુંયન્તું વિશ્વતા' અમને દરેક દિશાએથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ... ખુબ સારા પોઝીટીવ વિચાર કરો. તમારા જે ઈષ્ટદેવના મંત્રો બોલો. પ્રાણાયામ ૩ થી ૫ વાર કરો. મન શાંત થશે. વાલ્મીકી રામાયણમાં સુર્યનરાયણનો એક પાઠ છે. ભગવાન રામ અગત્સ્ય ઋણિને પ્રશ્ન પુછે છે કે ચિંતા – મુંઝવણ દુર કરવા શું કરવું ? ત્યારે ઋષિમુનિ સુર્ય દેવને નમસ્કાર સુર્યદેવનો પાઠ કરવાનું કહે છે. ખરેખર આપણા ધર્મગ્રંથોમાં શાંતિ, સ્વસ્થ રહેવા ઘણા મંત્રો છે. આપણે આપણા ધર્મને શરણે ગીતાને શરણે જવું જોઈએ.... **(અપૂર્ણ....)**

## 'સમજણ એ જ નારાયણ'

### ''સૌથી અલગ રીતે અહિંસક થઈ જવું સ્વીકારીએ (તો) રોજ ઊઠીને વધેલા નખ વધેરી નાખવા.''
**– સંજુવાળા**

પુ. મોરારીબાપુ જેમને ધૂણાનાં કવિ તરીકે નવાજે છે, એવા પ્રિય કવિ સંજુવાળા એક ઉમદા કવિ હોવાની સાથે જ વિશિષ્ટ વ્યકિતત્વનાં માલિક છે તેમની રચનાઓ, અને સંપુર્ણ બોડી લેન્ગવેજ કાયમ વિશેષ આકષણનું કેન્દ્ર રહ્યા છે, હિન્દી ફિલ્મનાં કોઈ હીરો જેવી જ ડેસીંગ પર્સનાલિટી ધરાવતા આ ગજવેલ કવિને જયારે તમે સાંભળો કે વાંચો ત્યારે આશ્ચર્યનાં ગરકાવ થઈ જવાય એટલું ઊંડાણ જ તેમની મહામુલી મૂડી છે ! અમરેલીમાં અનેક વખત આ કવિને મળવાનો અને તેમનાં કવિ કર્મયોગને માણવાનો લાભ મળ્યો છે, તેમની રચનાઓનું ઊંડાણ એ જ એમની સ્ટ્રેન્થ છે, કવિ સંજુ વાળાને સાંભળતા હોઈએ ત્યારે તમારે એકદમ એલર્ટ મોડ ઉપર જ રહેવું પડે. કેમ કે એક જ રચનાનાં દરેક શેરમાં એ તેનાં ભાવકને વધારે ને વધારે ઊંડાણ તરફ લઈ જાય છે ! હવે જો તમે



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૪૪ – અમરેલી

આગલા શેર વખતે જરા પણ બે ધ્યાન થયાં તો બીજા પછીના શેરમાં આ કવિની રેન્જને પકડી કે પામી જ ન શકો ! આ જ તો આ કવિની ખૂબી રહી છે !

કવિને ઘણી વખત મળવાનુ થયું છે, પણ જયારે પણ મળીએ, ત્યારે સાવ સહજ, સરળ લાગે. રજુઆત પણ એટલે જ સહજતાથી કરે, ભાવકને પોતાનાં ભાવ પ્રવાહમાં એટલી મકકમતાથી બાંધી રાખે કે કોઈને પણ તેમાંથી છુટવાનું મન જ ન થાય ! અને થોડી જ ક્ષણોમાં સૌ કોઈ મંત્રમુગ્ધ બની જાય. એ જ આ કવિની કમાલ છે !


કાયમ સૌ કોઈની સાથે હૈયાના હરખથી મળતાં આ કવિનો વિશાળ ચાહક વર્ગ છે, તેમની રચનાઓ ઉપરાંત તેમની કોલમ અને તેના રસાસ્વાદનો પણ આપણને અનેક મુદ્દાઓ ઉપર પોતાની ગહન વિચારધારાથી અમીર છાપ છોડનાર આ મુઠી ઊંચેરા કવિનાં શીર્ષક પંકિતમાં લીધેલા શેર જ જુઓને કેટલું કહી જાય છે કે જગતને સમાજમાં હિંસા વધી રહી છે, એવા ઢોલ ટીપવાને બદલે આપણે પોતે જ આપણું નખ રોજ કાપી નાખીએ ટુંકમાં જાતને જ બદલીએ એટલે જગત પણ આપોઆપ જ બદલશે. જય હો. સંજુભાઈ.


**નવનીત :** ''અલગ કરતી ઓળખનાં વસ્ત્રો ઉતારી,
ચલો, એક સાથે પલળીએ આ તડકે.''

**– સંજુવાળા**

## ઘરના બાળકો માટે બનાવેલી ચોકલેટથી ગૃહઉદ્યોગ સુધી : લુણીધારની રૂપાબેન દેવમુરારી બની આત્મનિર્ભર મહિલાની પ્રેરણા







કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામની રૂપાબેન દેવમુરારી આજે ગૃહઉદ્યોગ દ્વારા હજારો રૂપિયાની આવક મેળવી રહી છે. તેમણે પોતાના ઘરમાંથી શરૂ કરેલો નાનો પ્રયાસ આજે સફળ વ્યવસાયમાં ફેરવ્યો છે, જે અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે. ચોકલેટ, ખજૂર પાક, ખજૂર લાડવી અને અથાણાં જેવા સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ઉત્પાદનો બનાવી તેઓ આજુબાજુના ગામોમાં ઓળખ મેળવી ચૂકી છે. રૂપાબેન દેવમુરારીનું શિક્ષણ ધોરણ ૧૨ સુધીનું છે. તેઓ હાલ પોતાના પરિવાર સાથે લુણીધાર ગામમાં રહે છે અને ગૃહઉદ્યોગ ચલાવી રહી છે. તેમના વ્યવસાયની શરૂઆત એક ખૂબ જ સરળ કારણથી થઈ હતી. ઘરના બાળકોને ચોકલેટ પ્રત્યે વધારે લગાવ હતો અને બજારમાં મળતી ચોકલેટ આરોગ્ય માટે હાનિકારક હોવાનું તેમને લાગતું. તેથી તેમણે ઘરે જ દાળિયા અને ખજૂરનું મિશ્રણ કરીને પૌષ્ટિક ચોકલેટ બનાવવાની શરૂઆત કરી. આ ચોકલેટ સ્વાદિષ્ટ હોવાની સાથે પ્રોટીનથી ભરપૂર હોવાથી બાળકોના સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી સાબિત થઈ. શરૂઆતમાં આ ચોકલેટ માત્ર પોતાના બાળકો માટે બનાવાતી હતી. પરંતુ ધીમે ધીમે પાડોશીઓ અને સગાં–સંબંધીઓએ તેનો સ્વાદ લીધો અને તેમને પણ આવી ચોકલેટ બનાવવાની વિનંતી કરવા લાગ્યા. લોકોના સકારાત્મક પ્રતિસાદ અને વધતી માંગ જોઈને રૂપાબેને આ કાર્યને વ્યવસાય રૂપે આગળ વધારવાનો નિર્ણય કર્યો. આજે તેમની ચોકલેટની માંગ એટલી વધી ગઈ છે કે તેઓ નિયમિત ઓર્ડર પ્રમાણે ઉત્પાદન કરે છે. ચોકલેટ ઉપરાંત રૂપાબેન ખજૂર પાક અને અથાણાં પણ બનાવે છે. શરૂઆતમાં તેઓ ઘર માટે ખજૂર પાક અને અથાણાં બનાવતા હતા, જેને લોકો ટેસ્ટ માટે ખાતા હતા. સ્વાદ અને ગુણવત્તા પસંદ આવતા જ લોકોએ ખરીદવાની માંગ શરૂ કરી અને ધીમે ધીમે આ પણ તેમના ગૃહઉદ્યોગનો એક મહત્વનો ભાગ બની ગયો. આજે તેમના બનાવેલા ખજૂર પાક અને અથાણાંની પણ સારી માંગ છે. ભાવની વાત કરીએ તો રૂપાબેન ખજૂર લાડવી ૧ કિલોનો ભાવ ૮૦૦ રૂપિયા રાખે છે, જયારે ચોકલેટ ૧ કિલોનો ભાવ ૬૦૦ રૂપિયા છે. દર મહિને તેઓ લગભગ ૧૫થી ૨૫ કિલો જેટલું ઉત્પાદન વેચે છે. આ વેચાણમાંથી તેમને સરેરાશ ૨૫,૦૦૦ રૂપિયા સુધીની માસિક આવક થાય છે. એક ગૃહિણી માટે આ આવક પરિવારના ખર્ચમાં મોટો સહારો પુરો પાડે છે. રૂપાબેન દેવમુરારી કહે છે કે જો મનમાં દઢ સંકલ્પ હોય અને મહેનત કરવાની તૈયારી હોય, તો નાનો પ્રયાસ પણ મોટું સ્વરૂપ લઈ શકે છે. આજે તેઓ પોતાના પગ પર ઊભી રહી આત્મનિર્ભર બન્યા છે અને અન્ય મહિલાઓને પણ ગૃહઉદ્યોગ શરૂ કરવા માટે પ્રોત્સાહન આપે છે. તેમની સફળતા એ સાબિત કરે છે કે ઘરથી શરૂ થયેલો નાનો વ્યવસાય પણ યોગ્ય આયોજન અને ગુણવત્તાથી આગળ વધે તો હજારો રૂપિયાની આવકનું સાધન બની શકે છે. લુણીધાર ગામની રૂપાબેન દેવમુરારીની આ સફળતા વાર્તા માત્ર એક મહિલાની નથી, પરંતુ તે તમામ મહિલાઓ માટે પ્રેરણારૂપ છે, જે પોતાના સપનાઓને સાકાર કરવા ઈચ્છે છે અને આત્મનિર્ભર બનવા માટે પ્રયત્નશીલ છે.

# ॥ રામલખન સિયરૂપ નિહારી, પાય નયનફલ હોહિં સુખારી ॥

સ્વાસ્થ પહલે જૈસા હી હે પર ચિન્તા કરના નહીં. તા. ૬ કો પ્રાતઃકાલ ઈહાંસે જાનેકા વિચાર કરતા હું જહાં જાઉંગા પત્ર દુંગા. એક બાત લિખું બુરા ન માનના, રાય તુમ બડી સહનશીલ હો.

રણછોડદાસકા આસીસ
સબકે આસીસ કહના

(આ પત્રમાં નીચે બાપુજીના નામે લખેલું) પ્રિય પુરૂષોત્તમભાઈ સાદર આસીસ

કાન્તાકી વ્યવસ્થા બરાબર હે. પ્રમોદકો આગે પઢના ચાહિયે. ભગ વાનકી કૃપા હોગી તો મેં શીઘ્ર મિલુંગા. સબકો આસીસ કહના.

રણછોડદાસકા આસીસ.

તારીખ ૧૬-૬-૬૫નો બીજો પત્ર આવ્યો. શ્રી રામચંદ્રાય નમઃ બાંદા તા. ૧૬-૬-૬૫ રમા, સાદર આશીરવાદ,

તુમારા પત્ર મિલા. સ્વાસ્થ ઠીક નહીં. ઉલ્ટી બહુત હોતી હે રોજ દો કયા કરના ? યાદ આતી હે યા નહીં યહુ અપને મનસે પૂછો ક્યા લિખું ?

મેં રાંચી તા. ૧૯-૨૦ કો પહુચૂંગા. વહાં ૧૫-૨૦ દિન ઠહરકર વિલાસપુર જાનેકા વિચાર હે. ધીરજ રખના બાલક સમાલના પડતા હે ?અચ્છા જી પ્રમોદ આનંદમે હે મજા હે કમ્પની હે. સબકો આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

નાનોભાઈ પ્રમોદ ભગવાનના દર્શને મહાબળેર ગયેલો. ત્યાંથી ભગવાને તેને પોતાની સાથે જ લીધેલો. મેં તેની સાથે ભગવાન પર એક પત્ર મોકલાવેલ.

તા. ૧૮-૬ નો લખેલ ખષ્ટીયાથી પ્રમોદનો પત્ર આવ્યો તે જ પત્રમાં આગળ ભગવાને લખેલું, રામહિં દેખિ ઈક અનુરાગે, ચિતવત ચલે જાત સંગ લગે ।

સાદર આસીસ

'જે હરિ કરશે તે મમ હિતનો યહ' વાક્ય જીવનમે ઉતરે તો બસ. રમાકે સબ ભાઈઓકો માંકો વ કાન્તાકો આસીસ કહના,

રમા સાદર આસીસ, 'પુઢષ પરખિયે સમય ચુહાયે' હરિ મમ રક્ષક જયાદા કયા ? બસ

રમા સેવાકી ઈચ્છા બલવતી બનાઓ. ભજન બરાબર કરો ઔર મન લગાઓ.


રણછોડદાસકા બાસીસ

આ પત્રમાં લખાયેલા ભગવાનના આ બંને માર્મિક વાકયો અત્યારે તે ન સમજાયા પરંતુ સમય પર તે યથાર્થ અનુભવાયા.

થોડા દિવસો બાદ ફરી તા. ૨૨-૬-૬૫નો લખેલ ભગવાનનો પત્ર મળ્યો.

તુમારા ૧૬ પેજકા પત્ર આજે મોટરમેં પ્રમોદને દિયા બાંચા વિચારા ખૂબ વિચારા, મેરે સાથ ન

## અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૮૭ ૫૦૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



રહનેકે કારણ અસહ્ય વેદનાકા તુમ અનુભવ કરતી હો. યહ મેરેસે છિપા નહીં હે ઔર ન મેરેસે દૂર રહના ચાહતી હે. યહ સત્ય હે.

તુમને લિખા હે ઉસકા સાર સમજકર બહુત દુઃખ હોતા હે પ્રથમ સાથે ને રહેનેસે જે વેદના હતી હે ઉસકે પરિણામ વિકલ્પ.

તુમ ખૂબ સોચો કેવલ અન્ય વિકલ્પ યા કોઈ (ઉદાહરણ) કો માધ્યમ બનાકર ન સોચના,

મેરા જીવન બાલ્યકાલસે અસ્થાઈ ભ્રમણશીલ રહા હે સ્થાઈ રહુને વિના તુમકે સાથે રહના યા રખના કિતના જોખમ ભરા હે તુમ વિચાર કરો.

યદિ તુમ ઔરોકે જેસા હઠ કર રહના પસંદ કરે તે મુઝે કેવલ ચિન્તા કે ગતિ મેં ડાલના હે જેસા કિ અભી ચલ રહા હે તુમ જાનતી રામલખન સિયરૂપ સુંદરતાઈ, સબ ચિત બર્હિ મતિ મન ચિત લઈ। હો કિ જો સાથ હે ઉનકી કિતની ચિન્તા રહતી હે ?

મૈં થક ગયા હું પીછે પત્ર લિખૂંગા મેરે સ્વાસ્થકે બારેમેં પ્રમોદ બતાવેં ગે સદૈવ તુમારી યાદ આતી હે.

મેરે પત્રકી પ્રતિક્ષા કરના કોઈ કામ વ્યર્થ મેં ન કરના ઉત્સાહ સે રહના કિસી કામ કો બોજ સમજકર કરના નહીં મન નિરબલ બનેગા. કર્તવ્ય સમજકર કરો. પૂરા પત્ર ફિર લિખુંગા.

(૬૦) કૃપાસિંધુ બહુ વિધિ સમુઝાવહિ

મોટા બહેન તેમના ત્રણેય બાળકો સાથે જયપુર હતા. બાને હંમેશા મારાથી અસંતોષ રહેતો, કારણ તેમનાથી કામ બનતું નહીં. ઘરમાં નોકર નહીં. હું ગમે ત્યારે અચાનક ભગવાન પાસે જતી ત્યારે આ કારણે તેઓ નારાજગી બતાવી મારી સાથે બોલતા પણ નહી. તે ઉપરાંત તેઓને એમ હતું કે બાપુજી બધી જગ્યાએ મને મોકલવાનો ખર્ચ કરે અને તેમને કરકસર કરવી પડે છે. આ શંકા તો મોટાબહેન તથા નાના-ભાઈને પણ હતી. પરંતુ ૧૯૬૨ના રામનવમી પ્રસંગે છેલ્લે બા, બાપુજી સાથે મુંબઈ ગઈ ત્યાર બાદનો બધો ખર્ચ ભગવાન જ આપતાં રહેતાં અને છેલ્લે તો દેવાસ બોલાવી ત્યારે રૂા. ૫૦૦૦, પહેલા કહ્યા પ્રમાણે મારા નામે બેંકમાં મૂકવા માટે આપી ટીધેલા અને કહેલું, "યહ પૈસા કિસીકે દેના નહીં ઔર તુમ સાવધાન રહતા. ભવિષ્યમેં તુરહે કોઈ નહીં રખેગા સબ ગરજ પરે કછુ ઓર હે, ગરજ સરે કછુ ઓર." ત્યારથી તો વ્યાજમાંથી જ મારે ખર્ચ ચાલતો. ઘરમાં હોઉં ત્યારે તે કોઈ જાતનો ખર્ચ રહેતો નહીં. ૧૯૬૧માં શરૂમાં ચાર સાડી લીધા બાદ કપડાનો ખર્ચ પણ બંધ હતો કારણ ઘરમાં તો ઘરની પરિસ્થિતિ જેઈ ગમે તેમ ચલાવી લેતી. અને બહારગામ માટે વધુમાં વધુ ત્રણચાર સાડી ચાલતી જે કોઈ પ્રસંગે કોઈ આપતું તે ચાલતી. અન્ય કપડા

રામ લખન સિય કથાસુહાઈ, રહી સકલ મગ કાનન છાઈ ।

ભગવાન ઘણીવાર પ્રસાદી કેમ્બ્રીકના ધોતિયા આપતાં તેમાંથી કરાવતી. જે કે બાપુજી આ બાબત પૂર્ણ રૂપે સાક્ષી હતા. તેથી સમજાવવા છતાં ઘરના સદસ્યોના મનમાં આ વાત ઉતરતી નહીં. તેમ જ બાપુજી, બાને પણ સમજાવતાં કે આપણે રમા ભગવાનને સોંપી દીધી છે. હવે તે ભગવાનની થાપણરૂપે આપણાં ઘેર રહે છે. તો ભગવાન બોલાવે ત્યારે તેણે જવું જ જોઈએ ને? પરંતુ ઘરકામ તેમનાથી ન બનતાં દુઃખી રહેતા. તેમા એ હવે તો જે માસિક ખર્ચની રકમ ધીરૂભાઈ મોકલતાં તેમાંથી છ ને બદલે દસ જણનો નિર્વાહ કરવાને રહેતા ખૂબ જ મુશ્કેલી પડતી. જરૂર પડતાં મારા વ્યાજની રકમ બાપુજીને વાપરવા હંમેશા કહેતી રહેતી.

બા કંટાળીને દેશમાં રહેવા જતા રહેલા. પોતાનાં દુઃખના કારણે બહેનને સ્વભાવ પણ વિચિત્ર બની ગયેલો. તેથી તેમને સંભાળવામાં માનસિક રીતે પણ સહન કરવું પડતું. હવે તો મારે ભગવાન પાસે જવાનું એકદમ જ બંધ થઈ ગયેલું. નાના ભાઈઓનો અભ્યાસ અને ઓછા ખર્ચમાં ઘર ચલાવવાની બાપુજીએ સોંપેલી જવાબદારી. આખો દિવસ કામમાંથી પણ હવે સમય ઓછો મળવાથી મારા નિત્ય નિયમમાં પણ ત્રુટિ આવતી. ઘણીવાર વધારે પડતી મુશ્કેલી ઊભી થવાથી નોકરી કરી મદદ કરવા માટે મારૂં મન વિચારતું અને તેથી પણ વધારે કોઈ વાર અતિ કંટાળતાં એમ થતું કે ભગવાન પાસે રહેવાને હું લાયક નથી બા દેશમાં જતા રહ્યા તો હું કોઈ આશ્રમમાં રહેવા જતી રહું અથવા આ બધી મુસીબતથી કાયર બની જતાં જીવન પ્રત્યે નફરતથી મૃત્યુના વિચાર આવતા. આ બધા કારણોસર મેં ભગવાનને મારા મનની વ્યથા સોળ પાનાના પત્ર દ્વારા વ્યકત કરેલી. બીજા કોને કહું ? આ પત્ર પ્રમોદ દ્વારા ભગવાનને મળતાં તેઓ પણ વ્યથિત થઈ ગયેલા અને લગભગ રોજ મને આ અનુસંધાનમાં પત્ર લખતાં.

૧૬ પિછ પત્રકે અનુસંધાનીક ઉત્તર તુમને લિખા કિ નોકરી કર પિતાજીકી મદદ કરૂ એર મેરાભી નિર્વાહ હો નોકરીમે મેરી સમ્મતિ બિલકુલ નહીં.


આશ્રમમે જાના ભી વૈસા હી હે જેસા નોકરીમે ન માન રહેગા

# *॥ આપણા વ્રતો-તહેવારો ઋતુજન્ય રોગો સામેનું સુરક્ષા કવચ ॥*

આજે મહાશીવરાત્રી છે, મહાશીવરાત્રીમાં ઉપવાસ કેમ કરવાનો ? ભોળાનાથને બીલી કેમ ચઢાંવવાના ? અને ભાંગનો જ પ્રસાદ કેમ ગ્રહણ કરવાનો ? આ વાતને એક આયુર્વેદ ચિકિત્સક તરીકે સમજી ત્યારે મને આપણાં પૂર્વજોને શત શત નમન કરવાનું મન થયું, ઋતુસંધીમાં જ આવતા વ્રતો-તહેવારો પાછળ ખરેખર કાઇ વિજ્ઞાન છે કે પછી વર્ષોથી આવતી ઋઢીચુસ્તો માન્યતાઓને લઈ આ બધા વ્રતો થાય છે ! આજના કહેવાતા આધુનિક બુદ્ધિજીવીઓ તો આમ પણ આપણા આવા તમામ તહેવાર અને વ્રતોને કાયમ હસીપાત્ર અને અંધશ્રધ્ધામાં ખપાવતા આવ્યા છે !

અગાઉ ઘણીવાર હું વાત કરી ચુક્યો છુ કે આપણા તમામ વાર-તહેવાર અને વ્રતો પાછળ ક્યાંક ને ક્યાક સમાજવ્યવસ્થા – સ્ત્રી સન્માન અને સામાજીક આરોગ્ય છુપાયેલુ જ છે, જરૂર છે આ વ્રતો પાછળ છુપાયેલા આવા વિજ્ઞાનને કહેવાતા આધુનિક સમાજ સમક્ષ લાવવાની.ઋતુનાં બદલાવ સાથે આપણા રીતિ-રિવાજોને આપણા પૂર્વજો એ રીતે ગોઠવેલ હતા કે જેથી એ ઋતુ મુજબ વર્તન કરવાથી આપણું સ્વાસ્થ્ય જળવાઈ રહે પરંતુ કહેવાતા વિકાસશીલ પાશ્ચાત્ય દેશોની વાતોમાં આવી આપણે આ બધા રિવાજો ને અંધશ્રદ્ધા માં ખપાવી દીધા. કોરોના એ આપણને એ વાતનું ભાન કરાવી દીધું કે આપણા જે રિવાજો છે તેની પાછળ મુખ્યત્વે સામાજિક સ્વાસ્થ્ય અને સમાજ વ્યવસ્થાનો હેતુ છુપાયેલો હોય છે. સૌથી વધુ વૈજ્ઞાનિક એવા આપણા દેશને ઓળખીએ, આપણા દેશમાં પ્રચલિત રીતિ-રિવાજો પાછળનું વિજ્ઞાન સમજીએ અને ઋષિમુનીઓએ સુચવેલ દિનચર્યા-ઋતુચર્યા અને વ્રતો-રીવાજોનું પાલન કરીએ, સ્વસ્થ રહીએ અને ભારતને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવીએ. ભારતીય સંસ્કુતિમાં વાર-તહેવાર અને વ્રતોનું ખુબ મહત્વ છે, અમુક ખાસ વ્રત-તહેવારમાં અમુક પ્રકારનો ખોરાક જ ખાવો – ઉપવાસ અને ધ્યાન કરવું. આ બધા વ્રતોમાં જે ખાવા-પીવાના રીવાજો છે તેની પાછળનું મહત્વ સમજીએ.ઠંડીને લીધે હેમંતમાં (શિયાળ ા) સંચિત થયેલો કફ વસંતની ઉષ્ણતાને લઈને કુપિત થઈને અનેક જાતના કફના રોગો જન્માવે છે.

મિત્રો મોટાભાગના રોગો જનસમુહમાં એકસાથે (એપેડેમિક સ્વરૂપમાં) ઋતુંસંધીનાં સમયમાં થાય છે. ઋતુંસંધી એટલે એક ઋતુનો સમાપ્તી કાલ અને બીજી ઋતુનો પ્રારભ કાલ એ ઋતુ સંધી છે. એક ઋતુનાં અંતના સાત દિવસ અને બીજીના શરૂઆતના સાત દિવસ આ ચૌદ દીવસોનું નામ 'ઋતુંસંધી' છે. પૂર્વ ઋતુનાં નિયમોને છોડવા અને બીજી ઋતુના નિયમોનું ગ્રહણ કરવું-આઋતુંસંધીમાં આચારનિયમ છે.એકદમ પુર્વઋતુનાં નિયમોનો ત્યાગ અને નવી ઋતુના નિયમોનું ગ્રહણ ન કરવું જોઈએ, ક્રમશઃ કરવું જોઈએ. સહસા ત્યાગથી અસાત્મ્યજ રોગો ઉત્પન્ન થાય છે. નરસાનો ત્યાગ અને સારાનું ગ્રહણ ક્રમે ક્રમે કરવું જોઈએ. ઋતુંસંધીમાં ન સાચવવાથી રોગો થાય છે.મિત્રો અત્યારે સવાર-સાંજ ઠંડી લાગે છે અને બપોરે એકદમ તાપ લાગે છે જેને લીધે આપણને બપોરે ઠંડી અને ગળ્યું ખાવાની (શ્રીખંડ, દ્રાક્ષ..) ઈચ્છા થાય છે, પરિણામે કફના રોગો (શરદી, ઉધરસ, ફલુ, ાસ) ખુબ જ થાય છે, અગાઉ કહ્યું તેમ ઠંડીની ઋતુમાં સંચિત થયેલો કફ, દિવસનાં તાપથી ઓગળે છે અને ઉપરથી ઠંડુ-ગળ્યું કફને વધુ પ્રકુપિત કરે છે. એટલે આ ઋતુંસંધિના



ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૨૨ ૮૪૯૦૮ / ૮૪૯૯૦૯૯૯૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

પંદર દિવસ (શિયાળો ઉતારવાના અને ગરમી શરૂ થવાના) આહાર-વિહારમાં ખુબ કાળજી રાખવી જરૂરી છે.

વસંત રૂતુ શીયાળા પછી આવે છે, તેથી ઠંડીને લીધે હેમંતમાં (શિયાળા) સંચિત થયેલો કફ વસંતની ઉષ્ણતાને લઈને કુપિત થઈને અનેક જાતના કફના રોગો જન્માવે છે.

આ ઋતુમાં અગ્નિ મંદ થવાથી શીયાળ ાના આ આખરી દિવસોમાં રાત્રે અને દિવસે રહેતો હવામાન તફાવત લોકોને સહજતાથી માંદા પાડી દે છે આયુર્વેદ અને આધુનીક તબીબ જગત આવું સ્પષ્ટ માને છે કે આ સમયગાળામાં લોકોની રોગપ્રતીકારક શકતી નબળી પડે છે, આથી જ ખોરાક અને રહેણીકરણી (આહાર-વિહાર) બાબતે સાવધાન રહેવા માટે આ દીવસોમાં ઉપવાસ-મેન વ્રત વગેરે પાળ ીને આધ્યાત્મીક રીતે આધ્યશકિતની ભકિત કરીને લૌકિક રીતે શકિત (એનર્જી) અને સુખ-સમુધ્ધિ મેળ વવાનો મહત્વપુર્ણ પ્રયાસ છે.

'ઉપવાસ' શબ્દ બે શબ્દોનાં જોડાણથી બનેલો શબ્દ છે 'ઉપ' એટલે નજીક અને 'વાસ' એટલે રહેવુ, ઉપવાસ કરવાનો હેતુ ઈરીય્ તત્વની નજીક રહેવા માટેનો છે,વિવિધ જણાતા દરેક ધર્મો આહાર વગેરેના સંયમથી બાહ્ય જીવનમાં ખર્ચાતી ઉર્જાને ધ્યાનને આંતરીક જીવન તરફ વાળવા પ્રેરણા આપે છે. આયુર્વેદના મતાનુસાર ઉપવાસ કરવાથી જઠરાંગ્ની પ્રદીપ્ત થાય છે, અને આપણા શરીરના વિષાક્ત પદાર્થોનો નાશ થાય છે અને તેનાથી શરીરમાં સ્ફુર્તીનો સંચાર થાય છે, માંસપેશીઓમાં નવચેતન લાગે છે અને શરીરની શુધ્ધી થાય છે, શરીર શુધ્ધ થવાથી મન પણ શાંત અને સ્થીર થાય છે, આવા શાંત અને સ્થીર થયેલા મનથી જો અનુષ્ઠાન (ધ્યાન) કરવામાં આવે તો મનના દોષો (તમસ્ અને રજસ) શાંત થાય છે અને સાત્વીકતા વધે છે અને તેનું ઉર્જા અને પ્રસન્નાતામા ઢપાંતર થાય છે વસંત ઋતુમાં (મહાશીવરાત્રના દિવસે) વાતાવરણમા ખુબ જ ઉર્જા હોય છે, આપણા શરીરને શારીરીક અને માનસીક રીતે શુધ્ધ કરવા માટે મહાશીવરાત્રી ઉતમ સમય છે.આમ મહાશીવરાત્રીના દિવસોમાં ઉપવાસ અને ધ્યાન કરવાથી આપણું શરીર શુધ્ધ થાય છે, મન શાંત અને સ્થીર થાય છે, આપણી રોગપ્રતીકારક શકતી વધે છે, આપણને નવી ઉર્જા પ્રાપ્ત થાય છે.

**મહાશીવરાત્રીમાં ભાંગના પ્રસાદનું મહત્વ :–** ગઈ કાલે રાત્રે જ મારા સાળાનો ફોન આવ્યો કે મારા સસરાને સુવે એટ્લે ખૂબ ઉધરસ ચડે છે અને અતીશય પરસેવો વળી જાય છે સૂઈ શકતા નથી, આવા દર્દીઓ છેલ્લા પંદર દિવસથી ખૂબ આવે છે કે ગળું પકડાઈ છે અને રાત્રે ખૂબ ઉધરસ ચડે છે સૂઈ શકાતું નથી, આ થવાનું કારણ અગાઉ કહ્યું તેમ ઋતુનો ફેરફાર છે આવા સમયે જો ભાંગને પ્રસાદ સ્વરૂપે એટ્લે કે દવા જેટલી જ માત્રામાં લેવામાં આવે તો સન નળીકાઓનો સંકોચ વિકાસ ઓછો કરાવે છે, એટલે વેગપુર્વક ઉધરસ આવતી રહેતી હોય અને બહુ જ કફ પડતો હોય તો તે ત્રાસ ઓછો કરાવવા માટે તથા શાંતીથી ઊંઘ આવવા માટે ભાંગ અકસીર કામ કરે છે, મોર્ડન મેડીસીનમાં આમાથી જ કોડીનનો ઉપયોગ કરી (ટોસેક્ષ, કોરેક્ષ) ડ્રાય કફ માટે દવા બનાવવામાં આવે છે. **બિલીપથી શિવજીનું પૂજન,**

બિલ્વ વૃક્ષના મૂળનીછાલને દશમૂલ કવાથમાં પ્રયોજાય છે,

જે વર્ષાકાલમાં થતાં વાતદોષ જનીત દુઃખાવા (neuromuscular) દૂર કરવામાં શ્રેષ્ઠ છે.

આયુર્વેદની આદ્ય સંહિતા ચરક અને સુશ્રુતમાં બિલ્વ ફળ ને કાચું જ એષધ પ્રયોગ તરીકે લેવાનુ કહ્યું છે.

કાચા ફળો સંગ્રાહી ગુણ ધરાવે છે એટલે મરડો (dysentery) તથા ઝાડામાં શ્રેષ્ઠ છે, પણ લાંબા સમય સુધી પ્રયોગ કરવો હોય તો સાકરના ચુર્ણ સાથે લેવુ નહી તો હરસ (piles) થવાનો ભય રહે છે. ઔષધ બાબતે આવી બારીક વાતો વિશે સાવધાની રાખવા માટે નિષ્ણાંત આયુર્વેદ ચિકિત્સકની દેખરેખ નીચે જ વનૌષધિના પ્રયોગ કરવા હિતાવહ...

બિલીપત્રને પથ્થર પર લસોટીને એનો સ્વરસ કઢાય છે. સામાન્ય રીતે અષાઢ – શ્રાવણમાં વાતાવરણમાં ભેજને લઈને બીલીપત્રમાંથી સ્વરસ અન્ય ઋતુની સરખામણીએ સારો પ્રાપ્ત થાય છે.વળ ી નવપલ્વીત પર્ણો ચૈત્ર – વૈશાખમાં આવે છે આથી આ સમયે સંપૂર્ણ ગુણોથી યુકત થયેલ હોય છે.દયાળુ પ્રભુએ એમાં સુગંધિત તેલ કુંપીનુ નિર્માણ કરીને મનમોહક બનાવ્યા જેથી કરીને પ્રકૃતિજન્ય વિકારો સામે વર્ષાતુમાં રક્ષણ મેળવવા ઈચ્છતા વ્યકિત હોંશેહોંશે ખાઈ પણ શકે. ઋષિગણે, દેવાધિદેવના પૂજન નિમિત્તે પ્રસાદ તરીકે આરોગવાની પ્રથા કદાચ પાડી હશે, પણ કાળક્રમે એ લુપ્ત થઈ અને હવે માત્ર દેખાદેખી જન્ય પરંપરા બની ગઈ આજે હજારો કિલો બિલીપત્રને શિવલિંગ પર અભિષેક કરીને પાણીમાં પધરાવી દેવાય છે. એનાથી કોઈ આરોગ્ય લાભ થતો નથી પણ જો બિલ્વાષ્ટકના પાઠ સાથે અભિષેક કરાયેલ આઠ બિલીપત્રને પ્રસાદ માનીને ભક્ષણ કરી જવાય તો દિવ્ય ઔષધી સાબિત થાય જ છે.એક માન્યતા છે, કે પ્રત્યેક બિલીપત્ર પર ચંદનથી તિલક કરીને અભિષેક કરવો, બિલ્વના કાષ્ટને પણ ચંદન સમાન ગણી એને ઘસીને તિલક કરાતુ, ચંદન શિતળ અને સુંગધીત કાષ્ટદ્રવ્ય છે, જે મન સાથે પિત્તને પણ શાંત કરે છે.બિલીપત્રનો રસ પરસેવાજન્ય શરીરની દુર્ગંધ તેમજ ખાજ-ખરજવાં દૂર કરે છે, આ પર્વ નિમિત્તે શિવાલયોમાં ચઢાવેલ બિલીપત્ર એકઠાં કરી એને સ્નાનાર્થે આવા દરદીઓ, શ્રદ્ધાથી પ્રયોજે તો અવશ્ય વ્યાધિ મુકિત મળે જ, મહર્ષિ ચરક – સુશ્રુતના વર્ણન પ્રમાણે બીલીફળ તથા બીલીપત્રનું સેવન, વાછુટ (અપાનવાયુ ત્યાગ વખતે)ની દુર્ગંધને પણ દૂર કરે છે.બિલીપત્રનો સ્વરસ બેઠાડું જીવનશૈલી ધરાવતા વ્યકિતઓના મેદ/ ચરબી તથા પેશાબમાં જતી સુગરને કંટ્રોલ કરે છે અને સ્વસ્થ વ્યકિતના પાચન સંસ્થાનને સમ્યક રાખીને વર્ષાતુના વિકારોથી રક્ષણ કરે છે, વેદકાલીન વનસ્પતિ અને વનૌષધિમાં બિલ્વનો સમાવેશ થાય છે. શ્રી સુકતના આ શ્લોક દ્વારા પ્રતિતિ થાય છે.આદિત્યવર્ણે તપસોડધિજાતો વનસ્પતિસ્તવ વૃક્ષોડથ બિલ્વઃ ।, તસ્ય ફલાનિ તપસાનુદન્તુ મયાન્તરાયાશ્ચ બ્રાહ્યા અલક્ષ્મી : ॥

વળી સુશ્રુતસંહિતાના ચિકિત્સાસ્થાનના .ઋ૫ઈ' /અ૭ખ/ઈ./ ચ'ખ/ઈ/ માં દર્શાવેલ છે, કે બીલીનો પ્રયોગ ગવેદના શ્રીસુકતના અનુષ્ઠાન સાથે સુવર્ણ સાથે રસાયન સમાન છે.

અતીમનમોહક સુગંધ ધરાવતા બિલીપુષ્પથી પ્રથમ નવરાત્રની અધિષ્ઠાત્રી દેવી માઁ શૈલપુત્રીનું પૂજન કરાય છે.

લિંગાર્ચનચંદ્રિકા નામના ગ્રંથમાં આઠ પ્રકારના બિલ્વપત્ર ગણાવે છે. તુસલી બિલ્વ નિર્ગુઝડી અપામાર્ગઃ કપિત્થચ।, શમી આમલકી દુર્વા અષ્ટ બિલ્વાપ્રકીર્તિતા ॥...... બિલતી ભિન્નતિ ઈતિ બિલ્વ એટલે કે જે વાત અને કફ એમ બે દોષોને હણે છે એ બિલ્વ છે. આધ્યાત્મિક પરિભાષામાં શારીરિક અને માનસિક દોષોને જે હણે છે એ બિલ્વ છે. આ આઠ પ્રકારના બિલ્વપત્ર વેદકાલીન ભારતીય સંસ્કૃતિથી આરોગ્ય રક્ષણ કાજે પ્રતિષ્ઠિત છે. આમના વિશેષ ગુણ બતાવતા જણાવેલ છે કે, તુલસી શ્રેયમાન્પોતિ, બિલ્વમ ચ મોક્ષસાધનમ, નિર્ગુન્ડી રોગનાશાર્થમ, અપામાર્ગશ્ચ પુત્રદઃ ।, કપિત્થેન ભવેદ્રાજયં, શમી શત્રુવિનાશિનિ, આમલકી પાપનાશાર્થમ, દુર્વા વંશવિવર્દ્ધનિ ॥ બિલીનો જે કુદરતી વનસ્પતિ વર્ગ છે, એમાં કોઠું, મીઠો લીંબડો તથા બીજોરાંનો પણ સમાવેશ થાય છે.આશ્ચર્યજનક અવલોકન જુઓ...ભારતવર્ષના ઉત્તર ભાગમાં બિલીની મહિમા છે જયારે દક્ષિણ ભાગમાં મીઠો લીંબડો / કઢીપત્તાનો બહોળો ઉપયોગ રસોઈમાં છે. અને આપણા ગુજરાતમાં કોઠાની ચટણી હોટ ફેવરિટ છે, રહી વાત બીજોરાની તો ભગવાન શિવજીનો એક અવતાર લકુલીશ ભગવાન (કાયાવરોહણ-નર્મદા)ના એક હાથમાં બીજોરાનું ફળ પ્રતિક સ્વરૂપે ધારણ કરાયુ છે.આયુર્વેદ કહે છે કે વાયુને બળપુર્વક રોકવાથી વેદના અને વ્યાધિ થાય છે, (વેગવિધારણ)

ભગવાન લકુલીશ યોગમાર્ગના પ્રવર્તક છે.હઠયોગ સાધનામાં સાધકને આસન-પ્રાણાયામ કરવાં પડે એટલે શરૂઆતમાં શરીર અને મન, વાયુદોષથી વિકૃત ના થાય એ માટે બીજોરાંનું સેવન કરવુ એમ પ્રતિકાત્મક દર્શાવેલ છે...

હવે ઔષધીયદ્રષ્ટિએ જોતાં આ ચારેય પરમ વાતનાશક તેમજ વેદનાસ્થાપન તથા પાચનસંસ્થાન સંબંધિત સમસ્યાઓનું નિવારણ કરનારા છે સાથે સાથે ચર્મવિકારોમાં પણ એટલાં જ ઉપયોગી છે.આમ આયુર્વેદ શાસ્ત્રઅને વેદકાલીન આધ્યત્મની દ્રષ્ટિએ બિલ્વ વૃક્ષ આરોગ્યદાયક હોઈ અતિ પવિત્ર માનવામાં આવ્યુ છે.વર્ષાતુમાં બિલીવૃક્ષના મૂળ પાસે નવી ફુટ જોવા મળે છે. આ ફુટને કાળ જીપુર્વક લઈને અન્ય જગ્યા વાવેતર કરવાથી તથા બીલીના વૃક્ષ પર કાંટા હોય છે આથી પશુ આદીથી રક્ષવું પડતુ નથી સરળતાથી બીલી વૃક્ષનું સંવર્ધન થઈ શકે છે. પરીપકવ બીલી ફળના બીજ દ્વારા પણ વાવી શકાય છે, પણ એમાં સમય વધારે લાગે છે. નમઃ શિવાય ...


# બોર્ડની પરીક્ષા : ગુણના ગણિત કરતા જીવનનું ગણિત ઘણું મોટું છે !

**બોર્ડની પરીક્ષા :** ગુણના ગણિત કરતા જીવનનું ગણિત ઘણું મોટું છે ! ફેબ્રુઆરીનો અંત અને માર્ચની શરૂઆત એટલે ગુજરાતના લાખો ઘરોમાં એક અઘોષિત કટોકટી જેવો માહોલ. ઘરના ટીવી બંધ થઈ જાય, મહેમાનોની અવર જવર અટકી જાય અને વાતાવરણમાં એક વિચિત્ર પ્રકારની ગંભીરતા છવાઈ જાય. કારણ ? 'બોર્ડની પરીક્ષા'.આપણા સમાજમાં આ પરીક્ષાને જીવન- મરણનો પ્રશ્ન બનાવી દેવામાં આવ્યો છે. જાણે કે આ ૧૦ કે ૧૫ દિવસોમાં જ નક્કી થઈ જશે કે બાળક હીરો બનશે કે ઝીરો. પરંતુ, 'સૂત્રધાર' તરીકે મારે આજે એ તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પૂછવું છે કે, શું ત્રણ કલાકનું એક પેપર ખરેખર કોઈની બુદ્ધિ, પ્રતિભા કે ભવિષ્યનો આખરી ફેંસલો કરી શકે ?અપેક્ષાઓનું આકાશ અને વિદ્યાર્થીની પાંખો આજના સ્પર્ધાત્મક યુગમાં આપણે ગુણ (Marks) ને જ સર્વસ્વ માની લીધું છે. આપણે ભૂલી ગયા છીએ કે શિક્ષણનો હેતુ 'કઈક બનવું' (To be) છે, માત્ર 'મેળવવું' (To get) નથી. જયારે કોઈ વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં બેસે છે, ત્યારે તેના મગજમાં માત્ર ફોર્મ્યુલા કે થીયરી નથી હોતી, પણ તેના પર વાલીઓની અપેક્ષાઓ અને ભવિષ્યનો ડર પણ સવાર હોય છે. આ માનસિક બોજ ઘણીવાર તેજસ્વી વિદ્યાર્થીઓને પણ નબળા પાડી દે છે. પરીક્ષાએ જિંદગીનો એક પડાવ છે, મંજિલ નથી.**સફળતા માર્કશીટની મોહતાજ નથી :** જગતનો ઈતિહાસ સાક્ષી છે કે દુનિયાના સૌથી પ્રભાવશાળી લોકો હંમેશા 'ટોપર' નહોતા. તેમની સફળતાનું રહસ્ય માર્કશીટમાં નહીં, । પણ તેમની મક્કમતામાં હતું



## સૂત્રધાર

ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯ અમરેલી



:થોમસ આલ્વા એડિસનઃ જેમને સ્કૂલમાંથી એવું કહીને કાઢી મૂકવામાં આવ્યા હતા કે આ બાળક ભણવા માટે 'અત્યંત ઠોઠ' છે, તેમણે જ દુનિયાને વીજળીના બલ્બની ભેટ આપી.**બિલ ગેટ્સ :** હાર્વર્ડ યુનિવર્સિટીમાં ડ્રોપ – આઉટ થયા હોવા છતાં, તેમણે માઈક્રોસોફ્ટ દ્વારા દુનિયા બદલી નાખી. તેઓ કહેતા કે, 'મેં કેટલીક પરીક્ષાઓ ફેઈલ કરી હતી, પણ આજે મારો ટોપર મિત્ર મારી કંપનીમાં એન્જિનિયર છે.**સચિન તેંડુલકર :** ક્રિકેટના આ ભગવાન ગણાતા ખેલાડી ૧૦ મા ધોરણની પરીક્ષામાં પાસ નહોતા થઈ શક્યા, પણ આજે 'ભારત રત્ન' તેમની પાસે છે.**આલ્બર્ટ આઈન્સ્ટાઈન :** જેમને નાનપણમાં બોલવામાં તકલીફ હતી અને શિક્ષકો તેમને નબળા માનતા હતા, તેમણે જ વિજ્ઞાનના પાયા બદલી નાખ્યા.આ ઉદાહરણો સાબિત કરે છે કે જો તમારી પાસે વિઝન અને સખત મહેનત કરવાની તૈયારી હોય, તો પરીક્ષાના ગુણ કયારેય તમારી પ્રગતિમાં આડખીલીરૂપ બનતા નથી.પરીક્ષાના દિવસે મનને શાંત રાખવા માટેના ૫ 'માઈન્ડફુલનેસ' સ્ટેપ્સ પરીક્ષાના દિવસે સવારે બધું ભૂલાઈ જવાનો ડર (Blackout) લાગવો સ્વાભાવિક છે. આ સ્થિતિને ટાળવા માટે નીચે મુજબની ૨ મિનિટની ટેકનિક અનુસરો **:૧. ઊંડાશ્વાસ** (Box Breathing) : પેપર હાથમાં લેતા પહેલા ૩ વાર ઊંડાશ્વાસ લો. ૪ સેકન્ડ શ્વાસ લો, ૪ સેકન્ડ રોકી રાખો અને ૪ સેકન્ડમાં બહાર કાઢો. આનાથી મગજમાં ઓકિસજન વધશે અને ગભરામણ દૂર થશે.**૨. હકારાત્મક કલ્પના** (Visua lization) : આંખો બંધ કરીને કલ્પના કરો કે પેપર ખૂબ જ સરળ છે અને તમે ખૂબ જ શાંતિથી જવાબો લખી રહ્યા છો.**૩. સરખામણીનો ત્યાગ :** પરીક્ષા કેન્દ્ર પર અન્ય મિત્રોએ કેટલું વાંચ્યું છે તેની ચર્ચામાં ન પડો. તમારી મહેનત પર જ વિશ્વાસ રાખો.**૪. મંત્ર / અફર્મેશન :** મનમાં ત્રણ વાર બોલો : 'મેં મહેનત કરી છે, મને બધું જ યાદ છે અને હું મારૂ શ્રેષ્ઠ પ્રદર્શન કરીશ.'**૫. પેપરની શરૂઆત :** પેપર મળ્યા પછી પહેલી ૨ મિનિટ આખું પેપર શાંતિથી વાંચો. જે પ્રશ્નો સૌથી સારા આવડતા હોય તેનાથી શરૂઆત કરો, જેથી તમારો આત્મ વિશ્વાસ વધશે.'વાલીઓ માટે મનન : તમારૂં સંતાન એ 'ટ્રોફી' નથી વાલીઓ તરીકે આપણે સમજવાની જરૂર છે કે આપણું બાળક એ આપણી સામાજિક પ્રતિષ્ઠા વધારવાનું સાધન નથી. દરેક ફૂલના ખીલવાનો સમય અલગ હોય છે. આ સમયે તેને 'ટકા' કરતા તમારી 'હૂંફ'ની વધુ જરૂર છે. તેને એવો વિશ્વાસ આપો કે 'તું ગમે તેટલા ગુણ લાવશે, અમે તારી સાથે છીએ.'જિંદગીના સંઘર્ષ અને હિંમતને વર્ણવતી આ પંક્તિઓ દરેક વિદ્યાર્થીએ હૃદયમાં રાખવા જેવી છે : 'વિચારાધીન હો જેનું મન તેને પરિણામની શું ફિકર ? કરે જો મહેનત અવિરત તેને નસીબની શું ફિકર ?' વિદ્યાર્થી મિત્રો, પરીક્ષા એ જિંદગીની એક સીડી છે, આખી ઈમારત નથી. તમે મહેનત કરી છે, હવે બસ તેને મક્કમતાથી કાગળ પર ઉતારવાની છે. – **શુભેચ્છાઓ !**

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે Budget Talk@campus- કાર્યક્રમ યોજાયો






અમરેલી માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કાલેજ–અમરેલીમાં તારીખ ૧૩/૦૨/૨૦૨૬ના રોજ UNION BUDGET-2026 અંતર્ગત Budget Talk@ campus કાર્યક્રમ આયોજીત થયો. આ કાર્યક્રમની શઢઆતમાં 'વન્દે માતરમ– રાષ્ટ્રગીતનું સમૂહગાન કરવામાં આવ્યું. ત્યારબાદ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓનાં વરદ હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું. દીપપ્રાગટ્ય બાદકાલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી. વેલિયત દ્વારા મેહમાનોનું શાબ્દિક સ્વાગત અને ત્યારબાદ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના નોડલ ઓફિસર તરીકે કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કાલેજ અમરેલીના ઈન્ચાર્જ આચાર્ય ડો. એ.જે. ચન્દ્રવાડિયા તથા સરકારના પ્રતિનિધિ તરીકે સામાજિક અગ્રગણી કેતનભાઈ ધોળકિયા (નીલકંઠ જવેલર્સ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વકતા તરીકે કે.કે. પારેખ કોમર્સ કોલેજ– અમરેલીના અધ્યાપક ડો.એ.પી. ગોરવાડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ બજેટનો અર્થ, મહત્વ, તે કોના દ્વારા રજૂ કરવામાં આવતું હોય છે ? જેવા પ્રશ્નોની ચર્ચા કરી નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલ વર્ષ ૨૦૨૬ની બજેટની સરળ અને રસસભર ભાષામાં પી.પી.ટી. દ્વારા પ્રસ્તુતિ કરી હતી. બજેટ અંગે વિદ્યાર્થિનીઓમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સંતોષકારક સમાધન પણ કર્યુ હતુ. વકતાના ઉદબોધન બાદ સરકારશ્રીનાં પ્રતિનિધિ કેતનભાઈ ધોળકિયાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુચારૂ સંચાલન ડો.એમ.જે. પટોળિયા કર્યું હતું અને આભારદર્શન ડો.વિલાસબેન સોરઠિયાએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર કાલેજ સ્ટાફ અને વિદ્યાર્થિનીઓનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

## અમરેલીનાં નવા ખીજડીયા ખાતે પુર સંરક્ષણ દિવાલનું ખાતમુહૂર્ત

### અંદાજિત રૂા. ૩૮.૫૨ લાખના ખર્ચે પુર સંરક્ષણ દીવાલનું નિર્માણ હાથ ધરવામાં આવશે



અમરેલી, તા. ૧૪


અમરેલી જિલ્લાના નવા ખીજડીયા ગામે ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે પુરસંરક્ષણ દિવાલના નિર્માણ કાર્યનું વિધિવત્ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોની ઉપસ્થિતિ અને લોકઉત્સાહ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે વ્યકત થઈ હતી.

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ સિંચાઈ પંચાયત વિભાગ, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ અમરેલી દ્વારા અંદાજિત રૂ. ૩૮.૫૨ લાખના ખર્ચે આ પુરસંરક્ષણ દિવાલનું નિર્માણ હાથ ધરવામાં આવશે. વરસાદી ઋતુ દરમિયાન પૂર જેવી પરિસ્થિતિમાં થતું નુકસાન અટકાવવા માટે આ દિવાલ મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણીના પ્રવાહને નિયંત્રિત કરી રહેણાંક વિસ્તારો, જાહેર સંપત્તિને સુરક્ષા મળશે.

રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં મજબૂત આધારભૂત સુવિધાઓ ઉભી કરી ગ્રામ વિકાસને ગતિ આપવા માટે કટિબદ્ધ છે. પુરસંરક્ષણ દિવાલના નિર્માણથી ગામમાં સુરક્ષાની ભાવના મજબૂત બનશે. આ કાર્ય ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપશે અને ભવિષ્યમાં આવનારી કુદરતી પરિસ્થિતિઓ સામે ગામને સશકત બનાવશે.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના પ્રમુખ, સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક આગેવાનો, વિભાગીય અધિકારીઓ તથા સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને રાજય સરકારના આ લોકહિતકારક પગલાને આવકાર્યો હતો.

## મહાશિવરાત્રી નિમિત્તે વંદના



અમરેલી, તા. ૧૪

પળમાં પ્રગટ થતો તું ભોળાનાથ છો
જન્મોજન્મનો એક જ તું સાથ છો
પળમાં પ્રગટ થતો તું ભોળાનાથ છો
બ્રહ્માડનાં જીવોમાં ચૈતન્ય છો તું જ
સ્મશાનમાં બિરાજતી ચિદાનંદ લાશ છો
દૈહિક, દૈવિક, આધ્યાત્મિક સિદ્ધિ વરસાવતો
દરેક જીવનો સનાતની શિવ સંગાથ છો
તું, તારો પરિવાર ને તારૂં સર્વસ્વ પૂજાય
તું નિર્વિકલ્પ, તું નિર્વિકાર, તું નિરાકાર છો
ઉમા, ગણેશ, લાભ, શુભ, રિદ્ધિ, સિદ્ધિ સૌ તું
તું અજન્મા ને અમર, તું મહાકાલ છો
જન્મ, મરણનાં બંધનોથી તું મુકત કરતો
કુબેરી ખજાનો ભભૂતનો તું પ્રસાદ છો
કાળ, ભય અને રોગને પળમાં હટાવતો
ઉર્જા ભંડાર 'બમ બમ ભોલે'નો નાદ છો
કમી, કમજોરી અને વિઘ્નોનો નાશ કરતો
દેવોનો દેવ મહાદેવ મૃત્યુંજયી વૈધનાથ છો
ગંગાધર સ્વરૂપે પવિત્રતા વહેંચતો અને
હળાહળ એકલો પી જતો તું પુરૂષાર્થ છો
હૈયાંનાં બીલીપત્રથી દૂધ,જળ પધરાવું તને
તું શંખ, ડમરૂં, રૂદ્રાક્ષનો મહા શિવરાત્ર છો

– મિત્તલ ખેતાણી– રાજકોટ
મો. ૯૮૨૪૨૨૧૯૯૯

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં ભીડભંજન ચોકમાં**

યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ છે.

અમરેલી શહેરમાં સેંકડો કરોડો રૂપિયા કે જે જનતાનાં પરસેવાનાં પૈસાથી થોડા વર્ષો પહેલા ભૂગર્ભ ગટર બિછાવવામાં આવી અને હેતુ એ હતો કે શહેરમાં ઘરે–ઘરેથી નીકળતુ પાણી અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન ધ્વારા શહેરની બહાર ધકેલી દેવામાં આવે અને શહેરમાં ફેલાતી ગંદકી અને તેના ધ્વારા ફેલાતા રોગચાળાને અટકાવી શકાય.

પરંતુ, આજે ગંદકી દૂર કરવા બિછાવાયેલ ભૂગર્ભ ગટર જ ગંદકી ફેલાવવામાં જવાબદાર બની રહી છે. કારણ કે જે–તે સમયે કામગીરીમાં નિયમોનો ઉલાળીયો થયો બાદ, જાળ વણી કરવામાં બેદરકારી રખાતાં દિનપ્રતિદિન ભૂગર્ભ ગટર હવે સમસ્યારૂપ બની રહી છે.

તાજેતરમાં જિલ્લા પંચાયત માર્ગ, રણુજાધામ વિસ્તાર અને હવે ભીડભંજન ચોકમાં ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ પર ફરી વળ તાં હોય મચ્છર, ગંદકી અને રોગચાળ ાનો માહોલ ઉભો થઈ રહ્યો હોય પાલિકાનાં શાસકો સ્વચ્છતાની જવાબદારી સ્વીકારી સમસ્યાનું કાયમી ધોરણે નિરાકરણ કરે તેવી માંગ વેપારીઓ સહિત સૌ કોઈ કરી રહ્યાં છે.

### વૃક્ષોને 'વિકાસ'ના નામે સ્મશાન ભેગાં કરવાની આ કેવી પરિભાષા

## વિકાસની વેદી પર પર્યાવરણનો હોમ : કયાં સુધી ચાલશે વૃક્ષોનું આ સરેઆમ નિકંદન

### શાસકો વૃક્ષોની રક્ષા કરવામાં ગંભીર બને



સાવરકુંડલા, તા. ૧૪

આજે જયારે આપણે ૨૧મી સદીમાં હરણફાળ ભરી રહ્યા છીએ, ત્યારે 'વિકાસ' શબ્દની પરિભાષા કંઈક અજીબ રીતે બદલાઈ રહી છે. રસ્તા પહોળા કરવા હોય કે નવી ઈમારતો બનાવવી હોય, સૌથી પહેલો ઘા કુદરતના ફેફસાં સમાન ગણાતા વૃક્ષો પર કરવામાં આવે છે. વર્ષોથી અડીખમ ઉભેલા અને પક્ષીઓના કિલકિલાટથી ગુંજતા ઘટાદાર વૃક્ષોને આજે વિકાસના ઓઠા હેઠળ નિર્દયતાથી કાપી નાખવામાં આવી રહ્યા છે.

વિચિત્રતા તો જુઓ કે, જે વૃક્ષો આપણને ાસ લેવા માટે ઓક્સિજન આપે છે, તેમને જ ાસ લેવા માટે જગ્યા બચી નથી. વિકાસની આ આંધળી દોટમાં પર્યાવરણના ભોગે થતી પ્રગતિ કેટલે અંશે વ્યાજબી છે ? વૃક્ષોને જીવતા રાખવાને બદલે તેમને કાપીને સીધા સ્મશાન ભેગા કરી દેવાની આ નીતિ ભવિષ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.

ભારતીય વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝે આખા વિને થિયરી આપી હતી કે 'વૃક્ષો સજીવ છે'. તેમને પણ સંવેદના હોય છે, તેમને પણ પીડા થાય છે. તેમ છતાં, જ્ઞાન હોવા છતાં અજ્ઞાની બનીને માનવ જગત આ સજીવોનું નિકંદન કાઢી રહ્યાં છે.

ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોને દેવનું સ્વરૂપ માનવામાં આવે છે. વડ, પીપળો કે તુલસીની આપણે પૂજા કરીએ છીએ. વૃક્ષો માનવજાત પાસેથી કશું જ અપેક્ષા રાખ્યા વગર સતત અર્પણ કરતા રહે છે. છતાં પણ, આપણે આપણી સંસ્કૃતિના આ મૂલ્યોને ભૂલીને માત્ર ભૌતિક સુખ–સુવિધાઓ પાછળ દોડી રહ્યા છીએ.

જો પર્યાવરણ જ નહીં બચે, તો આ વિકાસ કોના માટે હશે ? જો આવતીકાલની પેઢીને શુદ્ધ હવા જ નહીં મળે, તો આ પહોળા રસ્તાઓ અને ઊંચી ઈમારતોનો શું અર્થ ? સમય આવી ગયો છે કે આપણે વિકાસની સાથે પ્રકૃતિના જતનનો પણ વિચાર કરીએ, અન્યથા કુદરત જયારે પોતાનો હિસાબ માંગશે ત્યારે આપણી પાસે કોઈ જવાબ નહીં હોય.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૫૫ | ૧૩૦૧ |
| ૨ | ચણા | ૯૫૫ | ૯૫૫ |
| ૩ | સફેદ ચણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૪ | તુવેર | ૧૧૩૦ | ૧૫૧૦ |
| ૫ | શીંગદાણા | ૧૨૯૫ | ૧૨૯૫ |
| ૬ | ધાણા | ૧૭૦૦ | ૧૭૦૫ |
| ૭ | મગ | ૧૫૭૬ | ૧૫૭૬ |
| ૮ | સોયાબીન | ૧૦૨૩ | ૧૦૨૩ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૦ | ૧૪૯૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ૩ | શિંગ મોટી | ૧૦૩૦ | ૧૫૯૫ |
| ૪ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૮૫૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૨૦૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૯૦ | ૨૨૫૫ |
| ૭ | તલ કાળા | ૧૨૦૦ | ૪૧૧૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૪૯૫ | ૧૪૯૫ |
| ૯ | બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૯૫ | ૫૨૫ |
| ૧૨ | મકાઈ | ૩૬૦ | ૩૬૦ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૨૦ | ૧૦૮૦ |
| ૧૬ | તુવેર | ૭૦૦ | ૧૫૪૦ |
| ૧૭ | કપાસ | ૯૨૦ | ૧૬૧૦ |
| ૧૮ | એરંડા | ૧૧૨૫ | ૧૨૭૫ |
| ૧૯ | જીરૂ | ૨૨૫૦ | ૪૧૦૦ |
| ૨૦ | ધાણા | ૧૪૦૦ | ૨૨૭૦ |
| ૨૧ | ધાણી | ૧૫૦૦ | ૨૨૫૫ |
| ૨૨ | અજમા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૨૩ | સોયાબીન | ૯૫૦ | ૧૦૬૦ |
| ૨૪ | મરચા લાંબા | ૧૪૩૦ | ૭૫૩૦ |
| ૨૫ | કાંગ | ૪૪૫ | ૪૪૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૫ | ૧૬૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી | ૧૧૮૫ | ૧૪૨૫ |
| ૪ | સોયાબીન | ૮૧૨ | ૯૯૮ |
| ૫ | જીરૂ | ૩૧૩૦ | ૪૪૫૦ |
| ૬ | ચણા | ૯૭૯ | ૧૦૫૧ |
| ૭ | તુવેર | ૯૬૫ | ૧૪૫૫ |
| ૮ | ધાણા | ૧૧૪૦ | ૧૮૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૭ | ૨૦૮૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૦૮૬ |
| ૫ | જીરૂ | ૪૦૪૮ | ૪૨૫૧ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૬૨૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૦ |
| ૯ | બાજરો | ૪૨૦ | ૬૮૪ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૦૭૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૬૦૬ |
| ૧૪ | એરંડી | ૧૧૨૦ | ૧૨૬૦ |
| ૧૫ | ધાણા | ૧૬૦૦ | ૨૦૩૦ |
| ૧૬ | સોયાબીન | ૧૦૦૦ | – |

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૩૪/૨૦૨૬

**અરજદાર :** શ્રી રાદડિયા કાનજીભાઈ લખમણભાઈ
રહે. ખીજડીયા ખારી, તા.જી.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.ખીજડીયા ખારી, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા ખારી ગામમાં અરજદારશ્રી **રાદડિયા કાનજીભાઈ લખમણભાઈ** તેઓના પત્ની **રાદડિયા કંચનબેન કાનજીભાઈ**ની મરણ(તા.૨૮/૧૧/૨૦૧૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૨–૦૨–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૩૫/૨૦૨૬

**અરજદાર :** શ્રી પઢિયાર ભીખાભાઈ હરજીભાઈ
રહે. ખીજડીયા ખારી, તા.જી.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.ખીજડીયા ખારી, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા ખારી ગામમાં અરજદારશ્રી **પઢિયાર ભીખાભાઈ હરજીભાઈ** તેઓના પુત્ર **દિનેશભાઈ ભીખભાઈ પઢિયાર**ની જન્મ (તા.૦૪/૧૦/૧૯૬૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૨–૦૨–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૯૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૪૮ |
| ૩ | ચણા | ૯૯૦ | ૧૦૩૪ |
| ૪ | ધાણા | ૧૪૧૦ | ૧૫૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૩૯૦ | ૨૦૨૦ |
| ૬ | સોયાબીન | ૯૫૩ | ૧૦૬૨ |
| ૭ | મગફળી | ૧૧૫૦ | ૧૨૨૦ |
| ૮ | તુવેર | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૯ | શીંગદાણા | ૧૩૮૦ | ૧૪૦૫ |
| ૧૦ | અડદ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૧ | છોલે ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૨ | તલ કાળા | ૧૫૦૦ | ૧૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૭૫ | ૧૪૨૧ |
| ૨ | તલ કાળા | ૪૦૧૧ | ૪૦૧૧ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ૪ | બાજરો | ૩૪૬ | ૫૬૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૧ |
| ૬ | જુવાર | ૧૦૨૫ | ૧૨૦૦ |
| ૭ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | તુવેર | ૧૩૧૪ | ૧૫૨૬ |
| ૯ | ચણા | ૭૦૦ | ૧૧૭૧ |
| ૧૦ | ધાણા | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬૨૬ | ૧૦૦૦ |
| ૧૨ | અજમા | ૧૨૦૨ | ૧૨૦૨ |

### સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો

# લાઠી ખાતે ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોંગ્રેસના પ્રમુખ ભાજપના ધારાસભ્યની હાજરીમાં આવી પહોંચ્યા

## ભાજપ-કોંગ્રેસ વચ્ચે સંકલન થાય તો જનતાને ફાયદો

અમરેલી, તા. ૧૪

લાઠી શહેર ખાતે ગાગડિયા નદી પરના બ્રિજના ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન રાજકીય માહોલ પણ ચર્ચામાં રહ્યો હતો. કાર્યક્રમ ભાજપના બેનર હેઠળ યોજાયો હોવા છતાં કોંગ્રેસના શહેર પ્રમુખ મંચ પર હાજર રહી ધારાસભ્યનું સન્માન કરતા સૌનું ધ્યાન આકર્ષાયું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ પોતાના કાઉન્ટર સંબોધનમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે વિકાસના કામોને રાજકારણથી ઉપર રાખવા જોઈએ.તેમણે જણાવ્યું કે ગાગડિયા બ્રિજ સહિતના વિકાસ કાર્યો મંજુર થઈ ગયા છે અને હવે પ્રક્રિયાત્મક તબક્કો ચાલી રહ્યો છે. ''લાગશે વાર, પણ આવશે મજા'' કહી તેમણે જનતાને વિસ આપ્યો કે કામ નિર્ધારિત પ્રક્રિયા



મુજબ પૂર્ણ થશે. તેમણે ઉમેર્યુ કે આવા મોટા પ્રોજેક્ટમાં ટેકનિકલ અને વહીવટી પ્રક્રિયાને કારણે બે થી ત્રણ મહિનાનો સમય લાગવો સ્વાભાવિક છે.ધારાસભ્યએ સોશિયલ મીડિયા પર બ્રિજ મુદ્દે થતી વિવિધ ટિપ્પણીઓને લઈને પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે અપીલ કરી કે કામ મંજુર થયા બાદ અનાવશ્યક ઉઘરાણી કે દબાણ ન કરવું અને વિકાસ કાર્યોને સહકાર આપવો જોઈએ.વધુમાં જણાવ્યું કે લાઠી વિસ્તારના વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે અને માર્ગ, બ્રિજ તથા અન્ય સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અંતમાં તેમણે સર્વપક્ષીય સહકારથી વિસ્તારના હિતમાં વિકાસ કાર્યો ઝડપથી પૂર્ણ કરવા સૌને સહયોગ આપવા અપીલ કરી હતી.

# સાવરકુંડલા ખાતે 'વિદ્યાર્થી સન્માન' અને 'વિદાય સમારંભ'ની ઉજવણી



સાવરકુંડલા તા. ૧૪

નૂતન કેળવણી મંડળ, સાવરકુંડલા સંચાલિત જે.વી. મોદી હાઈસ્કુલ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન વિવિધ ક્ષેત્રે ઝળકેલા તેજસ્વી તારલાઓનો 'સન્માન સમારોહ' અને ધોરણ ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓનો 'વિદાય સમારંભ' ભાવસભર વાતાવરણમાં યોજાઈ ગયો હતો.વર્ષ દરમિયાન શાળામાં આયોજિત સહ–અભ્યાસક પ્રવૃત્તિઓ જેવી કે સંગીત, ચિત્રકામ, રમતગમત, વિજ્ઞાન–ગણિત પ્રદર્શન, ગ્રાહક સુરક્ષા સપ્તાહ અને વિવિધ પ્રમાણપત્ર પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મોમેન્ટો, ગિફ્ટ અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં શિક્ષણની સાથે સામાજિક જવાબદારીનું પણ દર્શન થયું હતું. શાળાના વિશિષ્ટ શિક્ષક વિમલભાઈ પંડ્યાના સહયોગથી દિવ્યાંગ બાળકોને મહાનુભાવોના હસ્તે 'દિવ્યાંગ કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત સૌએ બિરદાવ્યુંહતું.કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શબ્દો અને પુષ્પગુચ્છથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પાંધી (પત્રકાર, 'આપણું કુંડલા') : તેઓએ શાળાના ભવ્ય ઈતિહાસને યાદ કરી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

### તાલુકા શિક્ષણાધિકારીની અધ્યક્ષતામાં

# જાફરાબાદનાં હેમાળ ગામે પ્રાથમિક શાળામાં માતૃભાષાની ઉજવણી કરાઈ

## શશિભાઈ રાજયગુરૂ કવિ ''હેમાળવી'' દ્વારા કાવ્યપાઠ

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ તાલુકામા હેમાળ ગામે પ્રાથમિક શાળામા માતૃભાષા ઉજવણી કાર્યક્રમ નિમિતે તા ૧૩/૨/૨૬ના રોજ હેમાળ પ્રાથમિક શાળામા જાફરાબાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી રંજીતાબેન ગોસાઈની અધ્યક્ષતામા હેમાળ ગામના વતની અને સમગ્ર જીલ્લામા સાહિત્ય જગતમા જેનુ મહત્વનુ સ્થાન છે અને હમણા જ જેને અમરેલી જીલ્લાનો સાહિત્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કહી શકાય તેવો બાલકૃષ્ણ એવોર્ડ–૨૦૨૫ એનાયત થયો એવા શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી'નો કાવ્યપાઠ અને વકતવ્ય યોજાયા હતા. તેઓએ ગુજરાતી ભાષાના સંવર્ધન અને સાહિત્ય સર્જન પર વકતવ્ય આપ્યુ હતુ. હેમાળ ગામના વતની હોવાના નાતે તેમણે હેમાળ ગામ પર લખેલી રચના 'હૈયા મા રમતુ હેમાળ મને સાંભરે' અને જુના ગામમા આવેલા 'પાળિયા' પરથી લખેલી રચના 'ગામ હેમાળે બીરાજે પાળિયા' રજુ કરતા શાળાના બાળકો જુમી ઉઠ્યા હતા. આ ઉપરાંત તેમણે કૃષ્ણ અને ક્ષ્મણીજી પરની રચનાઓ રજુ કરી હતી. આ નિમિત્તે ઉપસ્થિત જાફરાબાદ




ટીપીઓ રંજીતાબેન ગોસાઈએ તેમના વકતવ્યમા જણાવ્યુ હતુ કે પ્રાથમિક શાળાના બાળકો શુધ્ધ ગુજરાતી લખતા થાય તેમ માતૃભાષામા જોડણી પ્રત્યે સજાગતા કેળવવા શાળાના શિક્ષકોને જણાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સરપંચ કાનાભાઈ બાંભણીયા, દરબાર કિશોરબાપુ વરૂ, લક્ષ્મણભાઈ ડાભી આચાય વિનોદભાઈ સોસા તેમજ શાળા સ્ટાફ જયદીપસિહ ડોડીયા, નીતાબેન બારડ, અરવિંદભાઈ બાંભણીયા, બામરોટીયા નિતાબેન, ઝણકાટ શુભાંગીબેન, રાઠોડ વિજયભાઈ, પરમાર નિશાબેન ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ વિનોદભાઈ સોસાએ કરી હતી.

### મેદસ્વિતા મુક્ત ગુજરાત અંતર્ગત

# અમરેલી ખાતે શટકર્મ અભ્યાસ અંગે વિશેષ તાલીમ સત્ર યોજાઈ ગયું

## જિલ્લામાં નિઃશૂલ્ક યોગ વર્ગો શરૂ કરાયા



અમરેલી, તા. ૧૪

રાજય સરકારના સ્વસ્થ ગુજરાત–મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનને વધુ ગતિ આપવા ગુજરાત રાજય યોગ બોર્ડ અંતર્ગત અમરેલી જિલ્લામાં ચાલી રહેલા નિઃશુલ્ક યોગ વર્ગોમાં વિશેષ શટકર્મ ક્રિયા તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાત રાજય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં હાલમાં આશરે ૫૦ જેટલા નિઃશુલ્ક યોગ વર્ગો ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં નિયમિત રીતે કાર્યરત છે. આ વર્ગો ધ્વારા યોગ પ્રત્યે જનજાગૃતિ ફેલાવવાની સાથે નાગરિકોમાં સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલી વિકસાવવાનો સકારાત્મક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.આ પહેલના ભાગરૂપે યોગ કોચ પ્રિયંકાબેન ભદ્રાલના યોગ વર્ગમાં નવા યોગ ટ્રેનરો તથા સાધકો માટે શટકર્મ વિષયક વિશેષ માર્ગદર્શન સત્ર યોજાયું હતું. નિષ્ણાંત યોગ ટ્રેનર ચંદનભાઈ ભદ્રાલ દ્વારા શટકર્મની વિવિધ શુદ્ધિક્રિયાઓ અંગે તાત્વિક તથા પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું.

સત્ર દરમિયાન જલનેતિ, કપાલભાતી સહિતની ક્રિયાઓનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવવામાં આવ્યું.શટકર્મ અભ્યાસ ધ્વારા શરીરની આંતરિક શુદ્ધિ થાય છે, પાચનતંત્ર મજબૂત બને છે, મેટાબોલિઝમ સુધરે છે તેમજ વધારાની ચરબી ઘટાડવામાં મદદરૂપ થાય છે. ઉપરાંત મનની એકાગ્રતા, આત્મવિશ્વાસ અને માનસિક તાજગીમાં વધારો થાય છે. તેવી વિસ્તૃત માહિતી સહભાગીઓને આપવામાં આવી.સત્રનું મુખ્ય આકર્ષણ મેદસ્વિતા મુક્તિ વિષયક માર્ગદર્શન રહ્યું. આજના જીવનમાં વધતી જતી બેઠી જીવનશૈલી અને અસંતુલિત આહારના કારણે મેદસ્વિતાની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. યોગ ધ્વારા નિયમિત પ્રાણાયામ, આસન અને શટકર્મનો અભ્યાસ શરીરનું વજન સંતુલિત રાખવામાં તેમજ જીવનશૈલીજન્ય રોગોથી બચવામાં અસરકારક સાબિત થાય છે.ખાસ કરીને નવા યોગ ટ્રેનરો માટે આ તાલીમ અત્યંત ઉપયોગી સાબિત થઈ. તેમને શટકર્મ ક્રિયાઓને સુરક્ષિત અને યોગ્ય પધ્ધતિથી શીખવવાની રીત અંગે માર્ગદર્શન મળ્યું. ઉપસ્થિત સાધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સત્ર બાદ શરીર હળવું લાગ્યું તથા માનસિક તાજગી અનુભવાઈ હોવાનું જણાવ્યું.આયોજકો ધ્વારા જણાવાયું કે, સ્વસ્થ ગુજરાતના વિઝનને સાકાર કરવા આગામી સમયમાં પણ આરોગ્યલક્ષી યોગ કાર્યક્રમો અને વિશેષ તાલીમ સત્રોનું આયોજન ચાલુ રાખવામાં આવશે, જેથી વધુમાં વધુ નાગરિકો યોગ સાથે જોડાઈ મેદસ્વિતા મુક્ત, સ્વસ્થ અને સશક્ત ગુજરાતના નિર્માણમાં સહભાગી બની શકે. નવા યોગ વર્ગ શરૂ કરવા અથવા જોડાવા માટે ૯૦૩૩૩૧૬૮૪૧ પર સંપર્ક સાધવા માટે અમરેલી જિલ્લા ગુજરાત રાજય યોગ બોર્ડ કો–ઓર્ડિનેટરએ એક યાદીમાં જણાવ્યું છે.

# ટોડાની પ્રાથમિક શાળામાં 'માતૃ–પિતૃ પૂજન દિવસ'ની ઉજવણી



અમરેલી, તા. ૧૪

નાના બાળકો ભારતીય સંસ્કૃતિની મહત્તા સમજીને નાનપણથી જ માતાપિતાનો આદર સત્કાર કરતા થાય, માતાપિતા અને બાળકો વચ્ચેનો અવકાશ ઘટે અને ભાવિ પેઢી સંસ્કારી બને તેવા ઉમદા હેતુથી શાળા પરિવાર દ્વારા લાઠી તાલુકાના ટોડા ગામની પ્રાથમિક શાળામાં ''માતૃ–પિતૃ પૂજન દિવસ''ની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં ૧૫૦ વધુ બાળકોએ શાસ્ત્રોકત વિધિથી પોતાના માતાપિતાની આરતી ઉતારી, પરિક્રમા કરી, ફુલમાળા પહેરાવીને પૂજન કર્યુ. આ કાર્યક્રમ દરમિયાન લાગણીસભર દ્રશ્યો સર્જાયા. સંતાનો અને માતાપિતાની આંખો ભાવાશ્રુથી ભિંજાઈ.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્ય તેમજ શિક્ષક મિત્રોએ સારી એવી જહેમત ઉઠાવી.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

# લાઠી ખાતે રૂ. ૮.૪૧ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

## ગાગડિયો નદી પર રૂા. ૭ કરોડના ખર્ચે નવા પૂલનું નિર્માણ



અમરેલી, તા. ૧૪

લાઠી શહેરમાં વિકાસને નવી દિશા આપતા કુલ રૂ. ૮.૪૧ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિધિવત્ કરવામાં આવ્યું હતું. શહેરના નાગરિકોમાં આનંદ અને ઉત્સાહ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં લાઠીના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારની પ્રતિબદ્ધતા વ્યકત થઈ હતી.

આ વિકાસકાર્યો અંતર્ગત લાઠી ખાતે ગાગડીયો નદી પર અંદાજિત રૂ. ૭ કરોડના ખર્ચે આધુનિક સુવિધાસભર પૂલનું નિર્માણ કરવામાં આવશે. આ નવા પૂલના નિર્માણથી વરસાદી ૠતુ દરમિયાન નદીના વધેલા પ્રવાહ સમયે આવનજાવનમાં થતી અડચણો દૂર થશે અને સરળ અને સુરક્ષિત પરિવહન સુલભ બનશે. ઉપરાંત, નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૧.૪૧ કરોડના ખર્ચે વિવિધ સી.સી રોડના કામ હાથ ધરવામાં આવશે, જેના કારણે શહેરના આંતરિક માર્ગો મજબૂત બનશે, વાહન વ્યવહાર સુગમ થશે અને નાગરિકોને દૈનિક અવરજવરમાં સહેલાઈ મળશે.

આ વિકાસકાર્યો લાઠી શહેર માટે અનેક રીતે લાભદાયી સાબિત થશે. નવા પૂલથી શહેરીજનોની સુવિધામાં વધારો થશે. સીસી રોડ–રસ્તાના કામોથી શહેરની આધારીય સુવિધાઓમાં ઉમેરો થશે, સ્વચ્છતા અને સુવ્યવસ્થિત ટ્રાફિક વ્યવસ્થા માટે સહાય મળશે અને શહેરના સર્વાંગી વિકાસને વેગ મળશે.આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, નગરપાલિકાના પ્રમુખ જેતનભાઈ જમોડ, અગ્રણી અતુલભાઈ કાનાણી, ધર્મેશભાઈ સોની, જીતુભાઈ ડેર, નગરપાલિકાના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ રાજય સરકારના આ વિકાસલક્ષી પ્રયાસોને વધાવી લીધા હતા અને લાઠી શહેરને આધુનિક અને સુસજ્જ બનાવવા માટે સહકાર આપવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

### જિલ્લા શિક્ષણધિકારી દ્વારા માર્ગદર્શન અપાર્યુ

# અમરેલી જિલ્લામાં ધો.૧૨ અને ધો.૧૦ની પરીક્ષા પારદર્શિતા સાથે સંપન્ન કરાવાશે

## આચાર્ય, વાલીઓ અને વિદ્યાર્થીઓમાં જાગૃતી ફેલાવાઈ

અમરેલી, તા. ૧૪

આગામી ફેબ્રુઆરી અને માર્ચ–૨૦૨૬માં યોજાનારી ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની બોર્ડ પરીક્ષાઓને ગેરરીતિમુક્ત, પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ધ્વારા જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યઓને માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી કાયદાઓની જાગૃત્તિ પ્રસરાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીનો આચાર્યઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજય સરકાર ધ્વારા જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ અટકાવવા માટે અમલમાં મુકાયેલા The Gujarat Public Examination (Prevention Of Unfair Means) Act 2023 તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદો, ૧૯૭૨ ની કલમ–૪૩ મુજબ કડક જોગવાઈઓ અમલમાં છે. ઉક્ત કાયદા મુજબ પ્રશ્નપત્ર ફોડવું, નકલ કરવી કે કરાવવી, ઈલેકટ્રોનિક સાધનોનો ગેરકાયદેસર ઉપયોગ, પરીક્ષા કેન્દ્રમાં અનધિકૃત પ્રવેશ, દસ્તાવેજોમાં ચેડાં કરવું જેવી ગેરરીતિઓ ગંભીર ગુનાઓ ગણાય છે. આ પ્રકારના ગુનાઓ બદલ કાયદેસરની સજા તથા દંડની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ આચાર્યઓને સૂચના આપી છે કે, શાળા સ્તરે વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકમંડળને કાયદાની જોગવાઈ અંગે માહિતગાર કરવામાં આવે, પરીક્ષા પૂર્વે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે અને પરીક્ષા દરમિયાન નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવે.

બોર્ડ પરીક્ષા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય સાથે સંકળાયેલી મહત્વપૂર્ણ પ્રક્રિયા હોવાને કારણે તેમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે શિક્ષણતંત્ર ધ્વારા જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં બોર્ડ પરીક્ષાઓ ગેરરીતિમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

### જાગૃત એડવોકેટે ગૃહમંત્રીને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલા : પોલીસ ભરતીમાં ૫ કિ.મી.ની દોડનાં નિયમોમાં ફેરફાર કરવા રજુઆત કરાઈ

## અવારનવાર અમુક ઉમેદવારો હાર્ટએટેકનો ભોગ બને છે

અમરેલી, તા. ૧૪

ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયામાં શારીરિક કસોટી દરમિયાન ઉમેદવારોના સ્વાસ્થ્ય અને જીવન સુરક્ષાને લઈને સાવરકુંડલાના યુવા એડવોકેટ દેવર્ષિ બોરિસાગર દ્વારા રાજયના ગૃહમંત્રીને એક મહત્વપૂર્ણ પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. તેમણે ઉમેદવારોના હિતમાં રનીંગ (દોડ)ના નિયમોમાં વૈજ્ઞાનિક અને માનવીય દષ્ટિકોણથી સુધારા કરવાની ભારપૂર્વક માંગ કરી છે. ગુજરાત ગૃહમંત્રીને સંબોધિત પત્રમાં એડવોકેટે જણાવ્યું છે કે, હાલની વ્યવસ્થા મુજબ પુરૂષ ઉમેદવારો માટે પાંચ કિલોમીટરની દોડ પચ્ચીસ મિનિટમાં પૂર્ણ કરવી ફરજિયાત છે. ભૂતકાળમાં આ કઠિન કસોટી દરમિયાન અનેક ઉમેદવારોને હાર્ટ એટેક આવવા અથવા શારીરિક ક્ષમતા ખૂટી જવાને કારણે મૃત્યુ થયાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. આ બાબત ઉમેદવારોના પરિવાર અને સમાજ માટે અત્યંત ચિંતાજનક છે.

પાંચ કિલોમીટરની દોડનું અંતર ઘટાડીને તેને વધુ વ્યવહારૂ બનાવવું. જો અંતર યથાવત રાખવામાં આવે, તો સમયમર્યાદામાં યોગ્ય વધારો કરવો જેથી ઉમેદવારો પર અતિશય દબાણ ન આવે.

દોડની કસોટી પહેલાં દરેક ઉમેદવારનું પૂર્વ તબીબી પરીક્ષણ કરવામાં આવે, જેથી કોઈ ગુપ્ત બીમારી કે શારીરિક તકલીફ હોય તો જાનહાનિ ટાળી શકાય.

''પોલીસ દળ માટે શારીરિક તંદુરસ્તી અનિવાર્ય છે, પરંતુ કોઈ પણ ભરતી કે પરીક્ષા યુવાનોના જીવનથી વધુ કિંમતી નથી.''

રજૂઆતમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે, મોટાભાગના ઉમેદવારો ગ્રામ્ય વિસ્તાર અને સામાન્ય આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોમાંથી આવે છે. યોગ્ય માર્ગદર્શન કે તબીબી સલાહ વિના સીધી જ આવી કઠિન દોડમાં ભાગ લેવો તેમના માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આગામી પોલીસ ભરતીમાં સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય લે તેવી આશા સેવાઈ રહી છે.

# અમરેલી : જિલ્લામાં તા. ૨૦ ફેબ્રુઆરી સુધી હથિયારબંધી

અમરેલી, તા.૧૪

જિલ્લામાં મહા શિવરાત્રીના તહેવારને લઈને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ–શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ કલમ–૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૨૦/૨/૨૦૨૬ સુધી અમલી રહેશે.જાહેરનામા મુજબ, જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે.

સભા–સરઘસ હથિયારબંધી રહેશે.જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી–પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી–કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યકિઓને, વરઘોડા કે સ્મશાન યાત્રાને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ કલમ–૧૩૧ અને કલમ–૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

### પશ્ચિમી સંસ્કૃતિની ઘેલછાને બદલે ભારતીય સંસ્કૃતિનાં પ્રતિકરૂપ

# બગસરા ખાતે શાળા નં.૪માં વેલેન્ટાઈન ડે નિમિત્તે માતૃ–પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

## દાતાઓનાં સહયોગથી પ્રેરણાદાયી કાર્યક્રમ સંપન્ન

બગસરા, તા. ૧૪

વેલેન્ટાઈન ડે નિમિત્તે બગસરાની એક પ્રાથમિક શાળામાં આ દિવસની અલગ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રેમના પ્રતિક ગણાતા આ દિવસે શાળાના પટાંગણમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમના માતા–પિતાની વંદના કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા આ કાર્યક્રમની વાલીઓ દ્વારા સરાહના કરવામાં આવી હતી.

બગસરાના જેતપુર રોડ ઉપર આવેલી શાળા નંબર ૪ માં દાતાના સહયોગથી વેલેન્ટાઈન ડે નિમિત્તે અલગ પ્રકારની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ સ્થિત શેઠ ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ રિલિજિયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપેન્દ્રભાઈ તથા ગીરીશભાઈ પારેખ સંયોગથી શાળાના પટાંગણમાં માતૃ–પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

કરવામાં આવ્યું હતું જેમાં બાળકો દ્વારા પોતાના માતા–પિતાની વંદના કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ જયારે માતા પિતાની આરતી કરી ત્યારે અનેક આંખો ભીંજાઈ ગઈ હતી. અને શાળામાં લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, મનોજભાઈ મહિડા, ધીરૂભાઈ કોટડીયા, મુકેશભાઈ ગોંડલીયા, હિરેનભાઈ ચેહાણ, હર્ષદભાઈ રાવળ, ટી.પી.ઈ.ઓ., કેળવણી નિરીક્ષક સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### સર્વે થયેલા ખેતર અને વાવેતરની

# અમરેલી જિલ્લાનાં ખેડૂતો પાસેથી AI ટેક્નોલોજી મારફતે માહિતી માંગવામાં આવી

## ખેડૂતોને અફવાથી ન પ્રેરાવા અને ગેરમાર્ગે ન દોરાવવા અનુરોધ

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ડીજીટલ ક્રોપ સર્વે અંતર્ગત ખેડૂતોના ખેતરમાં વાવેતર કરેલા પારોનો સર્વે થયો છે. આ સર્વે અન્વયે એ.આઈ. ટેકનોલોજી મારફતે વોટ્સએપ ફોન કે ચેટ મેસેજ દ્વારા ખેડુતોના સંપર્ક કરવામાં આવશે. આ ફોન અને મેસેજ દ્વારા ખેડૂતો પાસેથી સર્વે થયેલા પ્લોટ, ખેતરની અને વાવેતર કરેલા પાકોની માહિતી મેળવવામાં આવશે અને તેનું સર્વે સાથે ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે.

આ સર્વે સાથે ક્રોસ વેરિફિકેશન અંતર્ગત માંગવામાં આવનાર માહિતી યોગ્ય રીતે આપવા માટે તેમજ અફવાથી પ્રેરાયા વગર ગેરમાર્ગે ન દોરાવવા અને તકેદારી રાખવા માટે અમરેલી જિલ્લા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)એ એક યાદીમાં જણાવ્યું છે.

## જિલ્લા પંચાયત માર્ગ, રણુજાધામ બાદ વધુ એક ભૂગર્ભ ગટરની સમસ્યા

# હવે, અમરેલીમાં ભીડભંજન ચોકમાં ગંદકીએ ઉપાડો લીધો

**છેલ્લા ૨ મહિનાથી ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી માર્ગ પર ફરી વળે છતાં તેનો કાયમી ઉકેલ મળતો નથી**

**શહેરમાં બિછાવાયેલ ભૂગર્ભ ગટર હવે શહેરીજનો માટે માથાના દુઃખાવારૂપ બની રહી છે**

**જનતાનાં પરસેવાનાં કરોડો રૂપિયાથી બનાવાયેલ ભૂગર્ભ ગટરથી સુવિધાને બદલે પરેશાની વધી**

**પાલિકાનાં શાસકો અવનવા બ્હાના કાઢવાનું બંધ કરી સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ**

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં ટ્રાફિકથી ધમધમતા અને જયાં નાનુ બસ સ્ટેન્ડ છે તેવા ભીડભંજન ચોકમાં છેલ્લા ૨ મહિનાથી ભૂગર્ભ ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ પર ફરી વળતાં હોય વેપારીઓ, ગ્રાહકો અને મુસાફરોને અસહ્ય બદબુનો સામનો કરવો પડી રહ્યો છે અને સામે મંદિરમાં આવતાં શ્રધ્ધાળુઓ પણ ગંદકીનાં દ્રશ્યથી તોબા પોકારી ગયા હોય પાલિકાનાં શાસકો

અનુસંધાન પાના ૬ ઉપર


























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)